MANOGAT • Year-40 • Issue-1 • 10 April 2021 • Fagan Vad 14, Samva 2077 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28





# मनोगत




## 'ભાજપના કાર્યકર્તા' - બે શબ્દો નહીં જીવનમંત્ર

## સત્તા-સફળતા મળે ત્યારે નમ્ર અને સરળ બનવું

**ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુજીની વિશેષ ઉપસ્થિતિમાં દાંડીયાત્રાના સમાપન કાર્યક્રમમાં ઉપસ્થિત<br>માન. રાજ્યપાલ શ્રી દેવવ્રતજી, આપણા પ્રદેશ પ્રમુખ માન. શ્રી સી. આર. પાટીલ<br>માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ**















Year : 40, Issue : 1, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# કોરોનાની મહામારીમાં કાર્યકર્તાનું કર્મ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

કોરોના એક વૈશ્વિક મહામારી છે. આની ઝપટમાંથી કોઈ ખંડ, કોઈ દેશ, કોઈ રાજ્ય, કોઈ જિલ્લો, તાલુકો કે કોઈ ગામ બાકી રહ્યું નથી. વિજ્ઞાન પણ આ રોગની દિનપ્રતિદિન બદલાતી ગતિ, તીવ્રતા, લક્ષણો અને અસરને સમજવાનો મહત્ત્વનો પ્રયાસ કરી રહ્યું છે. વર્તમાન સમયમાં મને જે સમજાય છે તે હું આપ સૌ સમક્ષ નમ્રભાવે મૂકું છું.

(૧) આપણે સૌ આપણા વ્યક્તિગત કે સામાજિક કામો કોરોનાની ગાઇડલાઇન્સના ચુસ્ત પાલન દ્વારા કરીએ. એક વાત મનમાં સ્પષ્ટ રાખીએ કે ભાજપાના કાર્યકર્તા પાસે સમાજની અપેક્ષા પણ વિશેષ હોય છે ત્યારે સમાજ પાસે 'આદર્શ નાગરિક' ધર્મનું પાલન આપણા સૌનું કર્તવ્ય છે.

(૨) પ્રજા અને સરકારી તંત્ર વચ્ચે સેતુ બનવાનું કામ આપણે સૌએ ચોક્કસ કરવું જોઈએ. જરૂરિયાતવાળા દર્દીઓ માટે કે ક્વોરન્ટાઇન થયેલા પરિવારોને ઉપયોગી થવા આપણાથી શક્ય તમામ મદદ આપણે ફોન, ટેકનોલોજીની મદદ દ્વારા અને જરૂર પડે સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરીને કરવી જ જોઈએ.

(૩) સમાજમાં દૃષ્ટિપાત કરીશું તો આપણને મધ્યમવર્ગીય, ગરીબ અને સામાજિક કે શારીરિક અસહાય લોકો આપણી આજુબાજુમાં પોતાની વાત કહેતા જોવા મળશે. આવા લોકોને પડતી આર્થિક મુશ્કેલીઓ પણ જોવા મળશે. સમાજના તમામ લોકોનો ધંધો-રોજગાર કેવી રીતે ચાલતા રહે તેની ચિંતા પણ આપણે કરવી જોઈએ. એકબીજાની જરૂરિયાતના સંદર્ભે માત્ર આંગળી ચીંધવાનું પુણ્ય પણ સહજ રીતે પ્રાપ્ત થતું હોય તે આપણે કરવું જોઈએ.

(૪) સ્વાભાવિક રીતે આ માહોલમાં પ્રત્યેકના મનમાં 'ડર' પેદા થતો હોય છે. ત્યારે એ વાત આપણે અને સૌએ સમજવી જોઈએ કે રોગ કરતાં વધારે ભયંકર 'ડર' છે. રોગમાં મૃત્યુઆંક એકદમ નજીવો છે પરંતુ ડરથી મરીને જીવવાવાળો વર્ગ રોગીને પણ નબળો પાડે છે. આ સંજોગોમાં ઈશ્વર પર શ્રદ્ધા રાખીને આત્મવિશ્વાસપૂર્વક રોગનો સામનો કરવા આપણે પણ તૈયાર થઈએ અને સમાજને પણ તૈયાર કરવાનું સદ્કાર્ય કરીએ. અત્યાર સુધીમાં અનેક આપદાઓમાંથી આપણે પસાર થયા જ છીએ ત્યારે આ આપદાને પણ પાર કરીશું જ તેવો હકારાત્મક ભાવ જીવન પ્રત્યેની નવી દૃષ્ટિ પણ આપણને આપી જશે. અને છેલ્લે,

(૫) વિપક્ષ કે વિઘ્નસંતોષીઓ આ આપદા દ્વારા સરકાર અને ભાજપને બદનામ કરવાની તક તરીકે જોતો હોય છે. છેલ્લાં ૨૫ વર્ષથી તેઓની આવી જ રાજનીતિ રહી છે. ૨૪ કલાક પોતાના જાનના જોખમે પણ દર્દીઓની સેવા કરતા હોસ્પિટલનાં ડૉક્ટર્સ કે પેરા મેડિકલ સ્ટાફને નૈતિક જુસ્સો આપીને અભિનંદન આપવાના બદલે તંત્રને ખરાબ ચીતરવા માટે તેઓ અનેક પ્રયત્નો કરતા હોય છે. ખોટી માહિતીઓ ફેલાવવી, અફવાનું બજાર ગરમ કરવું, ભેદ ઊભો કરવો વગેરે નકારાત્મક પ્રવૃત્તિઓ કેટલાક મીડિયા દ્વારા કરવાનો હીનતાભર્યો પ્રયત્ન કરે ત્યારે શાંત ચિત્તે સાચો જવાબ આપણે ચોક્કસ આપવો જોઈએ. લોકડાઉન વખતનાં આપણાં અભૂતપૂર્વ સેવાકાર્યો અને એમની નકારાત્મક કામગીરીની પ્રજાને જાણ છે જ માટે વિવાદમાં ઊતર્યા વિના આપણાં વાણી, વર્તન અને પરિશ્રમ દ્વારા નમ્રભાવે જવાબ આપીએ તે જ આપણું કાર્યકર્તા તરીકેનું શ્રેષ્ઠ કર્મ છે.

આવો, સંકટના સમયે ઈશ્વર પ્રત્યેની પૂરી શ્રદ્ધા સાથે આત્મવિશ્વાસપૂર્વક સમાજના તંદુરસ્ત અને દીર્ઘજીવી સ્વાસ્થ્ય માટે આ ચૈત્રી મહિનાની નવરાત્રીમાં 'મા' પાસે સર્વેજના સુખિનઃ સંતુની પ્રાર્થના કરીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ


પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**


ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક

સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**

**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



## ૬ એપ્રિલ વિશ્વના સહુથી મોટા પક્ષ ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ




# કાર્યકર્તાઓના તપ અને ત્યાગથી ભાજપા દરરોજ નવા આયામ ઊભા કરી શક્યું છે - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી

તા. ૦૬-૦૪-૨૦૨૧ના ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કાર્યકર્તાઓને ૪૨મા સ્થાપના દિવસ નિમિત્તે સંબોધન કરી કાર્યકર્તાઓનું ઉત્સાહવર્ધન કર્યું.

વડાપ્રધાનશ્રી મોદીજીએ વિશાળ ભાજપા પરિવારના સહ સદસ્યો, કાર્યકર્તાઓને સંબોધતાં જણાવ્યું કે, ગૌરવશાળી યાત્રાના ૪૧ વર્ષમાં કાર્યકર્તાઓના સેવા અને સમર્પણ થકી બતાવ્યું કે એક રાષ્ટ્રીય પાર્ટી કઈ રીતે કાર્ય કરે છે, સામાન્ય કાર્યકર્તાઓના તપ અને ત્યાગથી ભાજપા દરરોજ નવા આયામ ઊભા કરી શક્યું છે. જનસંઘથી ભાજપા સુધી રાષ્ટ્રસેવામાં યોગદાન આપનાર નેતાઓ પંડિત દીનદયાલ ઉપાધ્યાયજી, શ્યામાપ્રસાદ મુખરજી, સુંદરસિંહ ભંડારીજી, કુશાભાઉ ઠાકરેજી, રાજમાતા સિંધિયાજી, અટલબિહારી વાજપેયીજીને અને ભાજપા માટે જીવન સમર્પિત કરનાર કાર્યકર્તાઓને ભાજપાના કરોડો કરોડો કાર્યકર્તાઓ વતી આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અને શ્રદ્ધાસુમન અર્પિત કર્યાં. પાર્ટીને આકાર અને વિસ્તાર આપનાર આદરણીય અડવાણીજી, મુરલી મનોહર જોષીજી જેવા વરિષ્ઠોનો આશીર્વાદ કાર્યકર્તાઓને મળ્યો. ભાજપાના વરિષ્ઠોને પ્રણામ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ભાજપાનો મંત્ર રહ્યો છે, વ્યક્તિથી મોટું દળ અને દળથી મોટો દેશની પરંપરા ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના સમયથી આજદિન સુધી અનવરત ચાલતી આવી રહી છે. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના બલિદાનની શક્તિ છે કે તે સ્વપ્ન આપણે પૂર્ણ કરી શકયા છીએ. આર્ટિકલ ૩૭૦ હટાવીને કાશ્મીરને સંવિધાનિક અધિકાર અપાવી શક્યા. અટલજીએ આપણે શીખવ્યું ૧ વોટથી સરકારનું પડવું સ્વીકાર કર્યું, પણ પાર્ટીના આદર્શોથી સમજૂતી કરવી સ્વીકાર ન કર્યું. આપાતકાલના સમયે લોકતંત્રની રક્ષા માટે કાર્યકર્તાઓએ કષ્ટ સહન કર્યું. આપણા દેશમાં રાજનીતિક સ્વાર્થ માટે દળોના તૂટવાનાં અનેકો ઉદાહરણ છે. દેશહિત માટે લોકતંત્રની રક્ષા માટે ભારતીય જનસંઘે દળના વિલયની ઘટનાને કરી બતાવી છે. ગત વર્ષે કોરોના દેશ માટે અભૂતપૂર્વ સંકટ ત્યારે કાર્યકર્તાઓએ પોતાની અને પરિવારની ચિંતા ભૂલી સેવા હી સંગઠનના સૂત્રને અપનાવી દેશની જનતાની સેવામાં લાગ્યા. ગરીબ કલ્યાણ યોજનાથી વંદે ભારત મિશન સુધી ભાજપાની કેન્દ્ર અને રાજ્યની સરકારોએ કાર્ય કર્યું. આત્મનિર્ભર ભારત અભિયાન ગામ, ગરીબ, વંચિત, મજદૂર, દલિત, યુવા, મહિલા, સ્વયમ્‌નું અભિયાન દેશવાસીઓએ બનાવ્યું. અંત્યોદયને સાકાર થતાં જોઈ ગામ-ગરીબનું જોડાણ ભાજપા સાથે વધ્યું. ૨૧મી સદીના યુવાઓ આજે ભાજપાની નીતિ અને પ્રયાસો સાથે છે.

વડાપ્રધાનશ્રીએ ગાંધીજીને યાદ કરતાં જણાવ્યું કે, નિર્ણય અને યોજનાઓ હોય તે સમાજના છેલ્લા વ્યક્તિ સુધી પહોંચે. ગાંધીજીની એ જ ભાવનાને ચરિતાર્થ કરવા માટે ભાજપાએ છેવાડાના માનવી સુધી લાભ પહોંચાડવાનું કાર્ય કર્યું. દેશનો દરેક દેશવાસી લાસ્ટ માઈલ પર ડિલિવરીનો સાક્ષાત્ અનુભવ કરી રહ્યો છે.





**જનસંઘથી શરૂ થયેલ આ યાત્રા ૨ થી ૩૦૩ સાંસદોની બની આ પાર્ટી એકાત્મ માનવવાદથી શરૂ થઈ અંત્યોદય થકી સહુનો સાથ, સહુનો વિકાસ અને સહુનો વિશ્વાસ સાથે ભાજપા આજે ૧૮ કરોડ સદસ્યોની વિશ્વની સહુથી મોટી પાર્ટી બની છે - રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજી**


રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નડ્ડાજીએ કાર્યકર્તાઓને સંબોધતાં જણાવ્યું કે, જનસંઘથી ભાજપા સુધી રાષ્ટ્રસેવામાં યોગદાન આપનાર નેતાઓ પંડિત દીનદયાલ ઉપાધ્યાયજી, શ્યામાપ્રસાદ મુખરજી, સુંદરસિંહ ભંડારીજી, કુશાભાઉ ઠાકરેજી, અટલબિહારી વાજપેયીજી, લાલકૃષ્ણ અડવાણીજીએ પૂરી તાકાતથી પાર્ટીનું સિંચન કર્યું તથા આદરણીયશ્રી મોદીજીના નેતૃત્વમાં સફળ રીતે કેન્દ્રમાં અને ૧૨ રાજ્યોમાં પૂર્ણ બહુમત સાથેની વિશુદ્ધ સરકાર આપવાનું કાર્ય કાર્યકર્તાઓની મહેનતથી પૂર્ણ કર્યું છે. જનસંઘથી શરૂ થયેલ આ યાત્રા ૨ થી ૩૦૩ સાંસદોની બની આ પાર્ટી એકાત્મ માનવવાદથી શરૂ થઈ અંત્યોદય થકી સહુનો સાથ સહુનો વિકાસ અને સહુનો વિશ્વાસ સાથે ભાજપા આજે ૧૮ કરોડ સદસ્યોની વિશ્વની સહુથી મોટી પાર્ટી બની છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સ્વચ્છતા અભિયાન, ઉજાલા, ઉજ્જવલા, સૌભાગ્ય યોજના, જનધન યોજના, આયુષ્માન ભારત યોજના થકી ભારતની તસવીર અને તકદીર બદલ્યાં છે. ભાજપા એક રાજનીતિક પાર્ટી જ નહીં, પાર્ટીએ સામાજિક આયામ ઊભો કર્યો છે. લાખો કાર્યકર્તાઓએ કોરોના દરમિયાન જનતાની સેવા કરી દુનિયામાં મિશાલ ઊભી કરી, જ્યારે પાશ્ચાત્ય દેશો કોરોનાથી લડખડાઈ રહ્યા હતા ત્યારે દેશના ૧૩૦ કરોડ દેશવાસીઓ પૂરી તાકાત સાથે ભાજપા અને મોદીજી સાથે ઊભા હતા, પહેલાં આપણે બીજા દેશો પાસેથી વેક્સીન માંગતા હતા આજે ૧૫૦ દેશો આપણા દેશની ૨ વેક્સીન લેવા ઊભા છે, ૭૨ દેશોને આપણે વેક્સીન આપવાનું કાર્ય પૂર્ણ કર્યું છે. શ્રી નડ્ડાજીએ ૫ રાજ્યોના ચુનાવોમાં ભાજપને જનતાનો આશીર્વાદ મળશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

દેશના દરેક ગરીબ પાસે આજે બેંક એકાઉન્ટ, પાક્કું ઘર, શૌચાલયની સુવિધા, ગેસ કનેક્શન, ઘરે ઘરે વીજ કનેક્શન, દરેકને ઈલાજની સુવિધા, દરેક ગામમાં ઓપ્ટીકલ ફાઈબરની સુવિધાઓ ભાજપની સરકારે પહોંચાડી. ભાજપા સંગઠનમાં રહીને આવાં કામો થકી આગળ વધ્યા, માટે જ સરકારમાં આવીને પણ આ જ કાર્યો વધુ ઉમળકાપૂર્ણ રીતે આગળ વધાર્યાં. આપણા દેશમાં ૮૦% થી વધુ નાના ખેડૂતો છે, તેમની સંખ્યા ૧૦ કરોડથી વધુ છે, આપણી સરકારની કૃષિ યોજનાઓના કેન્દ્રમાં આ નાના ખેડૂતોને પ્રાથમિકતા આપવામાં આવે છે, કૃષિકાનૂન, પી.એમ. સમાન નિધિ, કૃષિ ઉત્પાદનની વ્યવસ્થા, ફસલ વીમા યોજનામાં સુધાર કરવો હોય, પ્રાકૃતિક આપદા સમયે સહાય રાશિ હોય. દરેક ખેતરમાં પાણી પહોંચાડવાનું કાર્ય હોય કે યુરિયાની નીમકોટી યોજના દરેકમાં નાના ખેડૂતોનો વિચાર સરકારે કર્યો.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, અમારી સરકારની દરેક યોજનાઓમાં મહિલાઓને પ્રાથમિકતા આપવાનું કાર્ય કર્યું છે, ત્રિપલ તલાક હોય, ગર્ભવતી મહિલાઓને ૨૬ અઠવાડિયાંની રજા, ઘરની રજીસ્ટ્રીમાં મહિલાઓને પ્રાથમિકતા, સ્વચ્છ ભારત મિશન, ઉજ્જવલા યોજના, મુદ્રા યોજના થકી મહિલાઓને લોન જેવાં દરેક કાર્યોમાં મહિલાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે.

વડાપ્રધાનશ્રીએ વિપક્ષીઓ પર નિશાન સાધતાં જણાવ્યું કે, લોકોએ ભાજપને ચુનાવ જીતવાનું મશીન કહી બદનામ કરવાની કોશિશ કરી અને બીજું દળ જીતે તો વાહવાહી કરી બે માપદંડો ઊભા કર્યા. આવા લોકો લોકતંત્રની પરંપરાને સમજી નથી શકતા. ભાજપની સરકાર પરફોર્મન્સ આપનારી સરકાર, પહેલી વાર દેશમાં માનક અને અવધારણા બદલી.

વડાપ્રધાનશ્રીએ વંશવાદના મુદ્દાને ઉઠાવતાં જણાવ્યું કે, ભાજપની તાકાત કાર્યકર્તા, ભાજપા હમેશાં સાચી નીતિ, સાફ નિયત, સાચા નિર્ણયમાં વિશ્વાસ રાખે છે. ભાજપા માટે રાષ્ટ્ર પ્રથમ અને દેશસુરક્ષા સર્વોપરી છે. દેશમાં ભાજપા સરકાર આવવાનો



• યજ્ઞેશ દવે

મતલબ છે કે, વંશવાદ અને પરિવાર માથે મુક્તિ, ભાજપા સરકાર આવવાનો મતલબ છે કે, યોગ્યતાને અવસર, પારદર્શિતા અને ગુડ ગવર્નેસ. તે સાથે વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ભાજપા રાજનીતિક છૂઆછૂતમાં વિશ્વાસ નથી રાખતી, માટે જ અમે શ્રી સરદાર પટેલની પ્રતિમા બનાવીને ગર્વ અનુભવીએ છીએ અને બાબાસાહેબનું પંચતીર્થ બનાવીને સમ્માન અપાવીએ છીએ. ભાજપા સરકાર આવ્યા પછી ભારતરત્ન અને પદ્મ પુરસ્કાર આપવામાં બદલાવ આવ્યો છે.

વિરોધીઓને જડબાતોડ જવાબ આપતાં વડાપ્રધાને જણાવ્યું કે, અમુક લોકો દ્વારા ભ્રમ ફેલાવવામાં આવે છે કે, સંવિધાન બદલાઈ જશે, આરક્ષણ છીનવાઈ જશે, નાગરિકતા છીનવાઈ જશે, ખેડૂતોની જમીન છીનવાઈ જશે, આવી વાતો ચોક્કસ સંગઠનો દ્વારા ફેલાવવામાં આવી રહી છે, આવાં સંગઠનોથી ભાજપાના કાર્યકર્તાઓએ સાવચેત રહી લોકોની વચ્ચે રહેવું પડશે. દેશવાસીઓને ભાજપામાં વિશ્વાસ અપાવતા રહેવું પડશે, જે લોકો આવા ષડ્યંત્રો થકી ભ્રમ ફેલાવવાનું કૃત્ય કરે છે તેવા લોકોમાં પોતાની હાર સ્વીકાર કરવાની તાકાત નથી રહી, માટે ડરીને આવા ભ્રમ ફેલાવવાનું દુષ્કૃત્ય કરે છે, એમાં અમુક એવા પણ છે જેમને ભાજપાથી જન્મજાત દુશ્મની છે.

કાર્યકર્તાઓને સંબોધતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, શાસ્ત્રોમાં લખ્યું છે, ભવન્તિ નમો.. – ફળ ઉદ્યમે અર્થાત્ જ્યારે ફળ આવે છે ત્યારે વૃક્ષો ઝૂકી જાય છે તેમ સત્તા સફળતા મળે ત્યારે નમ્ર અને સરળ બનવું, ભાજપના કાર્યકર્તાઓ માટે સફળતાનો અર્થ નવા સંકલ્પોની શરૂઆત, દેશના વિકાસ માટે વિચારવું. આ વખતના અમૃત મહોત્સવમાં નાગરિકોને જોડવા કોટી કોટી કાર્યકર્તાઓની ફરજ છે, ૨૫ વર્ષોનું લક્ષ્ય પોતાના માટે અને પાર્ટીની એકતાને મજબૂતી અપાવાની મોટી જવાબદારી યુવા કાર્યર્તાઓ પર છે, ભારતના જનજન સુધી સત્તાના માધ્યમ થકી રાષ્ટ્રસેવા અને પદ થકી પરિશ્રમની પરાકાષ્ઠા જ આપનું લક્ષ્ય, ભાજપના કાર્યકર્તાઓ માટે ભાજપના કાર્યકર્તા બે શબ્દો જ નહીં જીવનમંત્ર છે. •


**NAS સ્ટોરેજ સર્વર એક અત્યંત આધુનિક સર્વર છે, જેનાથી રાજ્યના ૩૩ જિલ્લા અને ૮ મહાનગર સીધા ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ સાથે ડિજિટલ માધ્યમથી જોડાઈ જશે - શ્રી સી. આર. પાટીલ**



પ્રદેશ કાર્યાલય ‘શ્રી કમલમ્’ ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલના વરદ હસ્તે સંપર્ક સેતુ માટે આધુનિક ‘NAS સ્ટોરેજ’નું અનાવરણ ઝુમ કોન્ફરન્સ દ્વારા કરવામાં આવ્યું હતું. અનાવરણ પ્રસંગે પ્રદેશ મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા, રજનીભાઈ પટેલ તેમજ પ્રદીપસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે અનાવરણ પ્રસંગે જણાવ્યું હતું કે, NAS સ્ટોરેજ સર્વર એક અત્યંત આધુનિક સર્વર છે, જેનાથી રાજ્યના ૩૩ જિલ્લા અને ૮ મહાનગર સીધા ગાંધીનગર પ્રદેશ કાર્યાલય ‘શ્રી કમલમ્’ સાથે ડિજિટલ માધ્યમથી જોડાઈ જશે. સંપર્ક સેતુના માધ્યમથી તમામ માહિતીની આપ-લે ખૂબ જ સરળ અને ઝડપી બનશે. જિલ્લા તથા મહાનગરોને પ્રદેશ તરફથી જે પણ માહિતી જોઈતી હશે તે ત્વરિત પ્રદેશ કાર્યાલય ‘શ્રી કમલમ્’ ખાતેથી મળી રહેશે.


આ સર્વરના માધ્યમથી પ્રદેશ નેતૃત્વ તમામ બાબતો પર સીધી નજર રાખી શકશે અને ત્વરિત સૂચના પણ આપી શકશે. જિલ્લા તથા મહાનગરનાં કાર્યાલયોમાં પણ આયોજનબદ્ધ રીતે ડેટાનું મેનેજમેન્ટ થઈ શકશે. આ સર્વરમાં લાંબા સમય સુધી તમામ વિગતોનું સ્ટોરેજ કરી શકાશે જેના કારણે ભવિષ્યમાં જરૂરી કોઈપણ માહિતી આંગળીના ટેરવે મળશે. આ સર્વરમાં ૭૦ ટેરાબાઈટ (T.B) સ્પેસ છે. આ સર્વરની મદદથી ભવિષ્યમાં તમામ જિલ્લા/મહાનગરના કાર્યાલય પર ઓડિયો બ્રિજ અને વિડિયો બ્રિજ થકી સંપર્ક સાધવાના નવા આયામો સ્થાપિત થશે. એક જ સમય પર તમામ જગ્યાઓ પર આ અત્યાધુનિક ટેક્નોલૉજીની મદદથી પ્રચાર-પ્રસાર અને સંકલન કરી શકાશે. તમામ સાંસદ તથા ધારાસભ્યશ્રીઓના કાર્યાલયને પણ પ્રદેશ કાર્યાલય ‘શ્રી કમલમ્’ સાથે જોડવામાં આવશે. વર્ષ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે તમામ ૧૮૨ વિધાનસભા કાર્યાલયો પણ સંપર્ક સેતુ થકી જોડવામાં આવશે.



**ચૈત્ર મહિનાના નવમા દિવસે આપણે ત્યાં રામનવમીનું પર્વ હોય છે**


# રામનવમીનું પર્વ ભગવાન રામના જન્મોત્સવની સાથે જ ન્યાય અને પરાક્રમના એક નવા યુગની શરૂઆતના રૂપમાં ઊજવવામાં આવે છે





## એક દીવાથી પ્રગટે બીજો, અને રાષ્ટ્ર રોશન થાય આપણું

મારા વહાલા દેશવાસીઓ, આ વખતે, જ્યારે હું મનકી બાત માટે જે પણ પત્રો આવે છે, ટિપ્પણીઓ આવે છે, જાત-જાતના ઈન્પુટ્સ મળે છે, તેમના ઉપર નજર ફેરવી રહ્યો હતો, તો કેટલાય લોકોએ એક બહુ મહત્ત્વની વાત યાદ કરી. માય ગોવ પર આર્યન, બેંગલુરુથી અનુપ રાવ, નોયડાથી દેવેશ, થાણેથી સુજીત, આ બધાએ કહ્યું કે મોદીજી, આ વખતે મનકી બાતની પંચોતેરમી કડી છે. એ માટે આપને અભિનંદન. હું આપને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું કે આપે આટલી બારીકાઈથી મનકી બાતને ફોલો કરી છે અને આપ જોડાયેલા રહ્યા છો. આ મારા માટે પણ બહુ જ ગર્વની બાબત છે. આનંદની બાબત છે, મારા તરફથી પણ આપને ધન્યવાદ છે જ, સાથે મનકી બાતના બધા શ્રોતાઓનો પણ આભાર વ્યક્ત કરું છું, કેમ કે આપના સાથ વિના આ સફર શક્ય જ નહોતી. એવું લાગે છે, જાણે આ કાલની જ વાત હોય, જ્યારે આપણે સૌએ સાથે મળીને આ વૈચારિક સફર શરૂ કરી હતી. ત્યારે ૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ વિજયાદશમીનું પાવન પર્વ હતું અને સંજોગ જુઓ કે આજે હોલિકા દહન છે. 'એક દીવાથી પ્રગટે બીજો, અને રાષ્ટ્ર રોશન થાય આપણું' – આ ભાવનાથી ચાલતાં ચાલતાં આપણે આ મજલ કાપી છે. આપણે દેશના ખૂણેખૂણેથી લોકો સાથે વાત કરી અને તેમનાં અસામાન્ય કાર્યો વિષે જાણ્યું છે. આપણે પણ અનુભવ કર્યો હશે કે આપણા દેશના અંતરિયાળ ખૂણામાં પણ કેટલી અભૂતપૂર્વ ક્ષમતા પડેલી છે! ભારત માતાના ખોળામાં કેવાં કેવાં રત્નો ઊછરી રહ્યાં છે. મારા માટે તો તે પોતે પણ સમાજ પ્રત્યે જોવાનો, સમાજને જાણવાનો, સમાજના સામર્થ્યને ઓળખવાનો એક અદ્ભુત અનુભવ રહ્યો છે. આ ૭૫ હપ્તાઓ(કડીઓ) દરમ્યાન કેટકેટલા વિષયોમાં પસાર થવાનું રહ્યું!? ક્યારેક નદીની વાત, તો ક્યારેક હિમાલયનાં શિખરોની વાત, તો ક્યારેક રણની વાત, ક્યારેક કુદરતી આફતની વાત, તો ક્યારેક માનવ-સેવાની અગણિત ગાથાઓની અનુભૂતિ, ક્યારેક ટેકનોલોજીની નવી શોધ, તો ક્યારેક કોઈ અજાણ્યા ખૂણામાં, કંઈક નવું કરી બતાવનારા કોઈના અનુભવની ગાથા. હવે તમે જ જુઓ, શું સ્વચ્છતાની વાત હોય, કે પછી આપણા વારસાના જતનની ચર્ચા હોય, એટલું જ નહીં, રમકડાં બનાવવાની વાત હોય, તેમાં શું શું નહોતું!? કદાચ, (ગણતરી કરીએ કે) કેટલા વિષયોને આપણે સ્પર્શ્યા છીએ, તો તે પણ કદાચ અગણિત બની જશે. (ગણ્યા ગણાય નહીં તેટલા હશે.) આ દરમ્યાન, જેમણે ભારતના ઘડતરમાં અતુલ્ય યોગદાન આપ્યું છે તેવી મહાન વિભૂતિઓને સમય-સમય પર શ્રદ્ધાંજલિ આપી, તેમના વિષે જાણ્યું છે. આપણે લોકોએ કેટલાય વૈશ્વિક મુદ્દા ઉપર પણ વાત કરી, તેમાંથી પ્રેરણા લેવાના પ્રયત્નો કર્યા છે. કેટલીયે બાબતો તમે મને બતાવી, કેટલાય ideas આપ્યા. આ રીતે આ વિચાર યાત્રામાં તમે સાથે-સાથે ચાલતા રહ્યા, જોડાતા રહ્યા અને કંઈક ને કંઈક નવું ઉમેરતા પણ રહ્યા. આજે આ ૭૫મી કડીના પ્રસંગે સૌથી પહેલાં મનકી બાતને સફળ બનાવવા બદલ,



સમૃદ્ધ કરવા બદલ અને તેની સાથે જોડાયેલા રહેવા બદલ, દરેક શ્રોતાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

## ૭૫મી મનકી બાત કરવાની તક મળી અને આ જ મહિને આઝાદીના ૭૫ વર્ષના 'અમૃત મહોત્સવ'નો આરંભ

જુઓ કેટલો મોટો સુખદ સંયોગ છે કે આજે મને ૭૫મી મનકી બાત કરવાની તક મળી અને આ જ મહિનો આઝાદીના ૭૫ વર્ષના 'અમૃત મહોત્સવ'ના આરંભનો મહિનો. અમૃત મહોત્સવ દાંડીકૂચના દિવસથી શરૂ થયો હતો અને ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી ચાલશે. અમૃત મહોત્સવને લગતા કાર્યક્રમો સતત પૂરા દેશમાં થઈ રહ્યા છે. અલગ અલગ સ્થળોથી આ કાર્યક્રમોની તસવીરો, માહિતી લોકો share કરી રહ્યા છે, નમો એપ પર એવી જ કેટલીક તસવીરોની સાથે ઝારખંડના નવીનજીએ મને એક સંદેશો મોકલ્યો છે. તેમણે લખ્યું છે કે તેમણે અમૃત મહોત્સવના કાર્યક્રમો જોયા અને નક્કી કર્યું કે તેઓ પણ સ્વતંત્રતા સંગ્રામ સાથે જોડાયેલાં ઓછામાં ઓછાં ૧૦ સ્થાને જશે. તેમની યાદીમાં પહેલું નામ, ભગવાન બિરસા મુંડાના જન્મસ્થાનનું છે. નવીનજીએ લખ્યું છે કે ઝારખંડના આદિવાસી સ્વતંત્રતા સેનાનીઓની ગાથાઓ તેઓ દેશના બીજા ભાગોમાં પણ પહોંચાડશે. ભાઈ નવીન, તમારા આ વિચાર માટે હું તમને અભિનંદન આપું છું.


## ગીતાને જીવવાનો આ સોનેરી અવસર આપણા લોકો પાસે છે

કોઈ સ્વતંત્રતા સેનાનીની સંઘર્ષકથા હોય, સ્થળનો ઈતિહાસ હોય, દેશની કોઈક સાંસ્કૃતિક ગાથા હોય, અમૃત મહોત્સવ દરમ્યાન આપ તેને દેશ સમક્ષ લાવી શકો છો. દેશવાસીઓને તેની સાથે જોડવાનું માધ્યમ બની શકો છો. તમે જોજો, જોત-જોતામાં અમૃત મહોત્સવ આવાં કેટલાંય પ્રેરણાદાયક અમૃતબિંદુઓથી ભરાઈ જશે, અને પછી એવી અમૃતધારા વહેશે જે આપણને આઝાદીનાં સો વર્ષ સુધી પ્રેરણા આપતી રહેશે. દેશને નવી ઊંચાઈએ લઈ જશે, કંઈક ને કંઈક કરવાનો જુસ્સો જન્માવશે. સ્વતંત્રતા સંગ્રામમાં આપણા સેનાનીઓએ અનેક કષ્ટ એટલા માટે સહ્યાં, કેમ કે, તેઓ દેશ માટે ત્યાગ અને બલિદાનને પોતાનું કર્તવ્ય સમજતા હતા. તેઓના ત્યાગ અને બલિદાનની અમરકથાઓ હવે આપણને કર્તવ્યમાર્ગ માટે સતત પ્રેરિત કરે અને જેમ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે : **નિયતમ્ કુરૂ કર્મ ત્વમ્, કર્મ જયાયો હયકર્મણઃ**

તેમ, તે જ ભાવથી, આપણે બધાં, પોતાનાં નિયત કર્તવ્યોનું પૂરી નિષ્ઠાથી પાલન કરીએ અને આઝાદીના અમૃત મહોત્સવનો અર્થ જ એ છે કે આપણે નવા સંકલ્પો કરીએ. તે સંકલ્પોને સિદ્ધ કરવા માટે તન-મનથી મચી પડીએ અને સંકલ્પો એવા હોય કે જે સમાજની ભલાઈના હોય, દેશના ભલા માટેના હોય, દેશના ઉજ્જવળ ભવિષ્ય માટેના હોય. અને સંકલ્પ એવો હોય કે જેમાં મારે, પોતાના ભાગે, ખુદે કંઈક ને કંઈક કરવાનું હોય, મારું પોતાનું કર્તવ્ય જોડાયેલું હોય. મને વિશ્વાસ છે, ગીતાને જીવવાનો આ સોનેરી અવસર આપણા લોકો પાસે છે.

## બનાસકાંઠા મધ ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બની ગયું

જીવનના દરેક ક્ષેત્રમાં નવીનતા, આધુનિકતા અનિવાર્ય હોય છે. નહિતર એ જ બાબત કોઈકોઈ વાર આપણા માટે બોજ બની જાય છે. ભારતના કૃષિજગતમાં આધુનિકતા એ સમયની માંગ છે. ઘણું મોડું થઈ ચૂક્યું છે. આપણે ઘણો સમય ગુમાવી ચૂક્યા છીએ. ખેતીક્ષેત્રમાં રોજગારીની નવી તકો પેદા કરવા માટે, ખેડૂતોની આવક વધારવા માટે, પરંપરાગત ખેતીની સાથે જ, નવા વિકલ્પો, નવીનવી શોધોને અપનાવવાનું પણ એટલું જ જરૂરી છે. શ્વેતક્રાંતિ દરમ્યાન દેશે આ અનુભવ કરેલો છે. મધમાખી પાલન દેશમાં મધક્રાંતિ અથવા મધુર ક્રાંતિનો આધાર બની રહ્યું છે. બહુ મોટી સંખ્યામાં ખેડૂતો તેની સાથે જોડાઈ રહ્યા છે. કંઈક નવીન (Innovation) કરી રહ્યા છે. જેમ કે, પશ્ચિમ બંગાળના દાર્જીલિંગમાં એક ગામ છે, ગુરદુમ. પર્વતોની આટલી ઊંચાઈ ભૌગોલિક તકલીફો પરંતુ ત્યાંના લોકોએ મધમાખી પાલનનું કામ શરૂ કર્યું, અને આજે આ જગ્યાએ બનેલા મધની સારી માંગ થઈ રહી છે. તેનાથી ખેડૂતોની આવક પણ વધી રહી છે. પશ્ચિમ બંગાળના જ સુંદરવન ક્ષેત્રનું કુદરતી ઓર્ગેનિક મધ તો દેશ અને દુનિયામાં પસંદ કરવામાં આવે છે. આવો જ એક વ્યક્તિગત અનુભવ મને ગુજરાતનો પણ છે. ગુજરાતના બનાસકાંઠામાં વર્ષ ૨૦૧૬માં એક આયોજન થયું હતું. તે કાર્યક્રમમાં મેં લોકોને કહ્યું કે, અહીં એટલી બધી શક્યતા છે, તો શા માટે બનાસકાંઠા અને આપણા અહીંના જ ખેડૂતો મધુરક્રાંતિનું નવું પ્રકરણ ન લખે? અને તમને જાણીને આનંદ થશે કે, આટલા ઓછા સમયમાં બનાસકાંઠા મધ ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. આજે બનાસકાંઠાના કિસાનો મધમાંથી દર વર્ષે લાખો રૂપિયા કમાઈ રહ્યા છે. એવું જ એક ઉદાહરણ હરિયાણાના યમુનાનગરનું પણ છે.



યમુનાનગરમાં ખેડૂતો મધમાખી પાલન કરીને દર વર્ષે સેંકડો ટન મધ પેદા કરે છે, પોતાની આવક વધારી રહ્યા છે. ખેડૂતોની આ મહેનતના પરિણામે જ દેશમાં મધનું ઉત્પાદન સતત વધી રહ્યું છે. અને વાર્ષિક લગભગ સવા લાખ ટન ઉપર પહોંચ્યું છે. તેમાંથી મોટા પ્રમાણમાં મધ વિદેશમાં નિકાસ પણ થઈ રહ્યું છે.

મધમાખી પાલનમાં માત્ર મધમાંથી જ આવક નથી થતી, પરંતુ મધપૂડાનું મીણ પણ આવકનું બહુ મોટું માધ્યમ છે. ઔષધ ઉદ્યોગ, ખાદ્યાન્ન ઉદ્યોગ, કાપડ અને કોસ્મેટિક્સ ઉદ્યોગ એમ દરેક જગ્યાએ આ મીણની માંગ છે. આપણો દેશ હાલ તો મીણની આયાત કરે છે. પરંતુ આપણા ખેડૂતો હવે આ સ્થિતિ ઝડપથી બદલી રહ્યા છે. એટલે કે, એક રીતે આત્મનિર્ભર ભારત અભિયાનમાં મદદ કરી રહ્યા છે. આજે તો પૂરી દુનિયા આયુર્વેદ અને પ્રાકૃતિક સ્વાસ્થ્ય ઉત્પાદનો તરફ મીટ માંડી રહી છે. એવામાં મધની માંગ વધુ ઝડપથી વધી રહી છે. હું ઈચ્છું છું કે, દેશના વધુ ને વધુ ખેડૂતો પોતાની ખેતીની સાથે સાથે મધમાખી પાલનના વ્યવસાયમાં પણ જોડાય. તે ખેડૂતોની આવક પણ વધારશે, અને તેમના જીવનમાં મીઠાશ પણ ઘોળશે.


**દેશના અનેક ખૂણામાં આ પ્રકારના કેટલાય સાધક હશે**

ભારતના લોકો દુનિયાના કોઈપણ ખૂણામાં જાય છે, તો ગર્વથી કહે છે કે તે ભારતીય છે. આપણે આપણા યોગ, આયુર્વેદ, દર્શન, કોણ જાણે શું નથી આપણી પાસે, કે જેના માટે આપણે ગર્વ કરીએ છીએ ! ગર્વથી વાતો કરીએ છીએ. સાથે જ પોતાની સ્થાનિક ભાષા, બોલી, ઓળખ, પહેરવેશ, ખાનપાન વગેરેનો પણ ગર્વ કરીએ છીએ. આપણે નવું તો મેળવવાનું છે અને તે જ તો જીવન હોય છે, પરંતુ સાથોસાથ પુરાતન ખોવાનું પણ નથી. આપણે બહુ મહેનત કરીને પોતાની આસપાસ હયાત અપાર સાંસ્કૃતિક વિરાસતનું સંવર્ધન કરવાનું છે, નવી પેઢી સુધી પહોંચાડવાનું છે. આ જ કામ આજે આસામના રહેવાસી 'સિકારી ટિસ્સૌ'જી બહુ લગનથી કરી રહ્યા છે. કાર્બિ આંગલોંગ જિલ્લાના સિકારી ટિસ્સૌજી છેલ્લાં ૨૦ વર્ષથી કાર્બી ભાષાનું દસ્તાવેજીકરણ કરી રહ્યા છે. કોઈ એક જમાનામાં કોઈ યુગમાં કાર્બિ આદિવાસી ભાઈઓ-બહેનોની ભાષા કાર્બિ આજે મુખ્ય પ્રવાહમાંથી ગુમ થઈ રહી છે. શ્રીમાન સિકારી ટિસ્સૌજીએ નક્કી કર્યું હતું કે, પોતાની આ ઓળખને તેઓ બચાવશે. અને આજે તેમના પ્રયાસોથી કાર્બિ ભાષાની સારી એવી જાણકારી દસ્તાવેજિત થઈ ગઈ છે. તેમને પોતાના પ્રયત્નો માટે કેટલીયે જગ્યાએ પ્રશંસા પણ મળી છે, અને પુરસ્કારો પણ મળ્યા છે. મનકી બાત દ્વારા શ્રીમાન સિકારી ટિસ્સૌજીને હું અભિનંદન આપું છું, પરંતુ દેશના અનેક ખૂણામાં આ પ્રકારના કેટલાય સાધક હશે, જે એક કામને લઈને તેમાં ખપી જતા હશે. હું તે બધાને પણ અભિનંદન આપું છું.

**આપણી સંસ્કૃતિમાં કોઈપણ શરૂઆતને ઉત્સવના રૂપમાં મનાવવાની પરંપરા**

કોઈપણ નવી શરૂઆત એટલે કે, New Biggning હંમેશા બહુ ખાસ હોય છે. નવી શરૂઆતનો અર્થ થાય છે, નવી શક્યતાઓ – નવા પ્રયાસ. અને નવા પ્રયાસોનો અર્થ છે, નવી ઊર્જા અને નવો જોશ. એ જ કારણ છે કે, અલગ અલગ રાજયો અને વિસ્તારોમાં તેમજ વિવિધતાથી ભરેલી આપણી સંસ્કૃતિમાં કોઈપણ શરૂઆતને ઉત્સવના રૂપમાં મનાવવાની પરંપરા રહી છે. અને આ સમયે નવી શરૂઆત અને નવા ઉત્સવોના આગમનનો છે. હોળી પણ તો વસંતના ઉત્સવના રૂપમાં જ ઊજવવાની એક પરંપરા છે. જે સમયે આપણે રંગોથી હોળી ઊજવી રહ્યા હોઈએ છીએ, તે જ સમયે વસંત પણ આપણી ચારેય તરફ નવા રંગ પાથરી રહી હોય છે. આ જ સમયે ફૂલો ખીલવાનું શરૂ થાય છે, અને પ્રકૃતિ જીવંત બની ઊઠે છે. દેશના જુદાજુદા વિસ્તારોમાં ટૂંક સમયમાં જ નવું વર્ષ પણ ઊજવવામાં પણ આવશે. પછી એ ઉગાદી હોય યા પુથંડૂ, ગુડી પડવો હોય કે બીહુ, નવરેહ હોય કે, પોડલા કે પછી બોઈશાખ હોય અથવા બૈસાખી, પૂરો દેશ ઉમંગ ઉત્સાહ અને નવી આશાઓના રંગમાં તરબોળ દેખાશે. આ જ સમયે કેરળ પણ સુંદર તહેવાર વિશુ ઊજવે છે. તેના પછી બહુ જલદી ચૈત્રી નવરાત્રિનું પાવન પર્વ પણ આવશે. ચૈત્ર મહિનાના નવમા દિવસે આપણે ત્યાં રામનવમીનું પર્વ હોય છે. તેને ભગવાન રામના જન્મોત્સવની સાથે જ ન્યાય અને પરાક્રમના એક નવા યુગની શરૂઆતના રૂપમાં પણ ઊજવવામાં આવે છે. આ દરમ્યાન, ચારેય તરફ ધૂમધામ સાથે જ ભક્તિભાવથી ભરપૂર વાતાવરણ હોય છે જે લોકોને વધુ નજીક લાવે છે. તેમને પરિવાર અને સમાજ સાથે જોડે છે. પરસ્પર સંબંધોને મજબૂત બનાવે છે. આ તહેવારોના પ્રસંગે હું તમામ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવું છું.

●




# પ્રદેશ કારોબારી



## પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ

૧ શ્રી આઈ. કે. જાડેજા (સુરેન્દ્રનગર)
૨ શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી ટુંડીયા (અમદાવાદ જિ)
૩ શ્રી રણછોડભાઈ મહીજીભાઈ દેસાઈ (રબારી) (કર્ણાવતી)
૪ શ્રી અમિતભાઈ ઠાકર (કર્ણાવતી)
૫ શ્રીમતી પુનમબેન હેમંતભાઈ માડમ (જામનગર શ)
૬ શ્રી મહેન્દ્રભાઈ મશરૂ (જુનાગઢ શ)
૭ શ્રી મુળુભાઈ બેરા (દેવભૂમિ દ્વારકા)
૮ શ્રી છત્રસિંહ મોરી (ભરૂચ)
૯ શ્રી રમેશભાઈ મિસ્ત્રી (ભરૂચ)
૧૦ શ્રી અમોહચંદ્ર નટવરલાલ શાહ (ભાવનગર શહેર)
૧૧ શ્રીમતી નયનાબેન વિરેન્દ્રભાઈ પટેલ (ખેડા)
૧૨ શ્રીમતી દર્શનાબેન વાઘેલા (કર્ણાવતી)
૧૩ શ્રી અશોકભાઈ પુરસોત્તમભાઈ ભાવસાર (ગાંધીનગર શ)
૧૪ શ્રી નીતિનભાઈ ભારદ્વાજ (રાજકોટ શ)
૧૫ શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા (રાજકોટ શ)
૧૬ શ્રી રાણાભાઈ સુંદરભાઈ દેસાઈ (બનાસકાંઠા)
૧૭ શ્રી હર્ષભાઈ સંઘવી (ધારાસભ્ય) (સુરત શ)
૧૮ શ્રીમતી સંગીતાબેન પાટીલ (ધારાસભ્ય) (સુરત શ)
૧૯ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ધારાસભ્ય) (સુરત શ)
૨૦ શ્રી મનિષાબેન વકીલ (ધારાસભ્ય) (વડોદરા શ)
૨૧ શ્રીમતી દર્શિનીબેન કોઠીયા (સુરત શ)
૨૨ શ્રી ડૉ. દર્શનાબેન ચંદુભાઈ દેશમુખ (નર્મદા)
૨૩ શ્રી તખતસિંહ દલપતસિંહ હડીયોલ (સાબરકાંઠા)
૨૪ શ્રી કાળુભાઈ હીરાભાઈ માલીવાડ (મહીસાગર)
૨૫ શ્રી હંસાકુંવરબા રાજ (આણંદ)
૨૬ શ્રી અરજણભાઈ રબારી (કચ્છ)
૨૭ શ્રી કુશળસિંહ ભગવાનભાઈ પઢેરીયા (અમદાવાદ જિલ્લો)
૨૮ શ્રીમતી જ્યોતિબેન વી. વાછાણી (જુનાગઢ શ)
૨૯ શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ મકવાણા (જુનાગઢ જિ)
૩૦ શ્રી સંજયભાઈ નવનીતભાઈ પટેલ (આણંદ)
૩૧ શ્રી સુરેશભાઈ નટવરલાલ ભટ્ટ (ખેડા)
૩૨ શ્રી બાબુરાવ ચૌર્યા (ડાંગ)
૩૩ શ્રી તુષારસિંહ (બાબા) (દાહોદ)
૩૪ શ્રી નીમિષાબેન સુથાર (પંચમહાલ)
૩૫ શ્રી ગૌતમભાઈ શાહ (પૂર્વ મેયર) (કર્ણાવતી)
૩૬ શ્રીમતી મીનાક્ષીબેન દશરથભાઈ પટેલ (કર્ણાવતી)
૩૭ શ્રીમતી બિજલબેન રૂપેશભાઈ પટેલ (કર્ણાવતી)
૩૮ શ્રી ચંદ્રશેખરભાઈ દવે (સુરેન્દ્રનગર)
૩૯ શ્રી વિનુભાઈ કાશીભાઈ પટેલ (ખેડા)
૪૦ શ્રી મહેન્દ્રસિંહ રાણા (પૂર્વ મેયર) (ગાંધીનગર શ)
૪૧ શ્રી અમીબેન પરીખ (જામનગર શ)
૪૨ શ્રી ભીખીબેન પરમાર (અરવલ્લી)
૪૩ શ્રી ભરતભાઈ દેવજીભાઈ રાજગોર (પાટણ)
૪૪ શ્રી પ્રો. રશ્મિકાંતભાઈ અમૃતભાઈ પટેલ (મહેસાણા)
૪૫ શ્રીમતી કુમુદબેન જોષી (બનાસકાંઠા)
૪૬ શ્રી મનસુખભાઈ પાંચાભાઈ ભુવા (અમરેલી)
૪૭ શ્રી સુમિત્રાબેન બટુકભાઈ ચૌધરી (વલસાડ)
૪૮ શ્રી મેહુલભાઈ ઝવેરી (વડોદરા શ)
૪૯ શ્રી અજીતભાઈ વસનજીભાઈ હળપતિ (તાપી)
૫૦ શ્રી ચેતનભાઈ રામાણી (રાજકોટ જી)
૫૧ શ્રી રેખાબેન સુરેશભાઈ ડુંગરાણી (ભાવનગર શહેર)
૫૨ શ્રી પ્રવિણભાઈ પટેલ (પૂર્વ મેયર) (ગાંધીનગર શ)
૫૩ શ્રીમતી રીટાબેન કેતનભાઈ પટેલ (મેયર) (ગાંધીનગર શ)
૫૪ શ્રી ગીરીશભાઈ મગનલાલ કોટેચા (જુનાગઢ શ)
૫૫ શ્રી હસમુખભાઈ બાબુલાલ જેઠવા (જામનગર શ)
૫૬ શ્રી દેવજીભાઈ વરચંદ (કચ્છ)
૫૭ શ્રી ડૉ. વિનોદભાઈ ભંડેરી (જામનગર જી)
૫૮ શ્રી હસમુખભાઈ કણજારીયા (જામનગર જી)
૫૯ શ્રી દિનેશભાઈ અમૃતિયા (રાજકોટ જી)
૬૦ શ્રી અશોકભાઈ જયંતિલાલ જોષી (પાટણ)
૬૧ શ્રીમતી પ્રીતિબેન વિપુલભાઈ પટેલ (સુરત જી)
૬૨ શ્રીમતી ભાવીબેન નિખીલભાઈ પટેલ (અમદાવાદ જિલ્લો)
૬૩ શ્રી ડૉ. જ્યોતિબેન શુક્લ (આણંદ)
૬૪ શ્રી ડૉ. આસવભાઈ કાંતિભાઈ પટેલ (આણંદ)
૬૫ શ્રી ગણપતભાઈ કણઝરીયા (બોટાદ)
૬૬ શ્રી નંદીનીબેન ભટ્ટ (ભાવનગર જિલ્લો)
૬૭ શ્રી રમેશભાઈ મનસુખભાઈ રાઠવા (છોટાઉદેપુર)



**ભાજપા પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલ દ્વારા પ્રદેશ મહામંત્રીશ્રીઓને ઝોનની ફાળવણી તેમજ મોરચાઓના પ્રદેશ પ્રમુખનાં નામોની જાહેરાત કરવામાં આવી**

| ક્રમ | પ્રદેશ મહામંત્રીશ્રીનું નામ | ઝોનનું નામ |
|---|---|---|
| ૧ | શ્રી પ્રદિપસિંહ વાઘેલા | દક્ષિણ ઝોન, કર્ણાવતી મહાનગર અને પ્રદેશ કાર્યાલય |
| ૨ | શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ | મધ્ય ઝોન |
| ૩ | શ્રી રજનીભાઈ પટેલ | કચ્છ અને ઉત્તર ઝોન |
| ૪ | શ્રી વિનોદભાઈ ચાવડા | સૌરાષ્ટ્ર ઝોન |

**પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓનાં નામ**


| ક્રમ | પ્રદેશ પ્રમુખશ્રીનું નામ | મોરચાનુંનામ |
|---|---|---|
| ૧ | શ્રી પ્રશાંતભાઈ કોરાટ (રાજકોટ જિલ્લો) | યુવા મોરચો |
| ૨ | પ્રો. ડૉ. દિપીકાબેન સચિન સરડવા (અમદાવાદ) | મહિલા મોરચો |
| ૩ | શ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાઝા (અમદાવાદ) | અનુસૂચિત જાતિ મોરચો |
| ૪ | શ્રી હર્ષદભાઈ વસાવા (નર્મદા) | અનુસૂચિત જનજાતિ મોરચો |
| ૫ | શ્રી હિતેશભાઈ પટેલ (સાબરકાંઠા) | કિસાન મોરચો |
| ૬ | શ્રી ઉદયભાઈ કાનગડ (રાજકોટ શહેર) | બક્ષીપંચ મોરચો |
| ૭ | શ્રી ડૉ. મોહસીનભાઈ લોખંડવાલા (સુરત શહેર) | લઘુમતી મોરચો |

પ્રદેશ મીડિયા સહ કન્વીનર શ્રી કિશોરભાઈ મકવાણા હવેથી પ્રદેશના સહ પ્રવક્તા તરીકે જવાબદારી નિભાવશે.


૬૮ શ્રી બીલજીભાઈ જહાંગીયાભાઈ ભીલ (છોટાઉદેપુર)
૬૯ શ્રી ગોપાલસિંહ મડુભાઈ પરમાર (દાહોદ)
૭૦ શ્રીમતી ઈન્દિરાબેન કરણસિંહ ડામોર (દાહોદ)
૭૧ શ્રીમતી રૈયાબેન ડાહ્યાભાઈ જલોધ્રા (ગીર સોમનાથ)
૭૨ શ્રી પ્રવિણસિંહ આર. વાઢેર (કચ્છ)
૭૩ શ્રીમતી નિયતીબેન કિર્તનભાઈ પટેલ (કચ્છ)
૭૪ શ્રી કાળુભાઈ કાંકરેચા (મોરબી)
૭૫ શ્રી મગનભાઈ ધનજીભાઈ વડાવીયા (મોરબી)
૭૬ શ્રી અનિલભાઈ પી. મહેતા (મોરબી)
૭૭ શ્રી માધુભાઈ કથીરીયા (નવસારી)
૭૮ શ્રી પવનભાઈ જેઠાભાઈ સોની (પંચમહાલ)
૭૯ શ્રી શશીકાંતભાઈ હરીભાઈ પટેલ (વડોદરા જિ)

**પ્રદેશ આમંત્રિત સભ્યશ્રીઓ**

૧ શ્રી રાજેશભાઈ ચુડાસમા (સાંસદ) (જુનાગઢ)
૨ શ્રી ભરતભાઈ પંડ્યા (કર્ણાવતી શ)
૩ શ્રી આત્મારામભાઈ પરમાર (ધારાસભ્ય) (બોટાદ)
૪ શ્રી નારણભાઈ કાછડીયા (સાંસદ) (અમરેલી)
૫ શ્રી રામસિંહ પાતળીયાભાઈ રાઠવા (છોટા ઉદેપુર)
૬ શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ (વડોદરા શ)
૭ શ્રી બચુભાઈ મગનભાઈ ખાબડ (મંત્રીશ્રી) (દાહોદ)
૮ શ્રી રમણભાઈ વોરા (સાબરકાંઠા)
૯ શ્રી બાબુભાઈ જે. પટેલ (ધારાસભ્ય) (અમદાવાદ જિ)
૧૦ શ્રી જયશ્રીબેન પટેલ (મહેસાણા)
૧૧ શ્રી દેવુસિંહ જેસીંગભાઈ ચૌહાણ (સાંસદ) (ખેડા)
૧૨ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા) (મંત્રીશ્રી) (જામનગર શ)
૧૩ શ્રી મોહનભાઈ કલ્યાણજી કુંડારીયા (સાંસદ) (રાજકોટ જિ)
૧૪ શ્રીમતી જશુમતીબેન કોરાટ (રાજકોટ જિ)
૧૫ શ્રીમતી ડૉ. જ્યોતિબેન પંડ્યા (વડોદરા શ)
૧૬ શ્રીમતી દર્શનાબેન વિક્રમભાઈ જરદોશ (સાંસદ) (સુરત શ)
૧૭ શ્રીમતી રંજનબેન ધનંજયભાઈ ભટ્ટ (સાંસદ)(વડોદરા શ)



૧૮ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામનગર જિ)
૧૯ શ્રી બળવંતસિંહ રાજપૂત (પાટણ)
૨૦ શ્રી અંબાલાલભાઈ રોહિત (આણંદ)
૨૧ શ્રી મોતીલાલ પુનીયાભાઈ વસાવા (નર્મદા)
૨૨ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી (ભાવનગર શહેર)
૨૩ શ્રી ચંદ્રેશભાઈ વાલજીભાઈ કોરડીયા (જામનગર જી)
૨૪ શ્રી દિલીપભાઈ પંડ્યા (પૂર્વ સાંસદ) (પાટણ)
૨૫ શ્રી ડૉ. માયાબેન કોડનાની (કર્ણાવતી શ)
૨૬ શ્રી બાલકૃષ્ણ ખંડેરાવ શુક્લ (વડોદરા શ)
૨૭ શ્રી તારાચંદભાઈ છેડા (કચ્છ)
૨૮ શ્રી દિલીપભાઈ મણીભાઈ પટેલ (આણંદ)
૨૯ શ્રી દિપકભાઈ ચીમનભાઈ પટેલ (સાથી) (આણંદ)
૩૦ શ્રી કેશાજી ચૌહાણ (બનાસકાંઠા)
૩૧ શ્રી જીવરાજભાઈ ચૌહાણ (વડોદરા શ)
૩૨ શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી (અમરેલી)
૩૩ શ્રી નટુજી હલાજી ઠાકોર (મહેસાણા)
૩૪ શ્રી ચુનીભાઈ કાનજીભાઈ ગોહેલ (ગીર સોમનાથ)
૩૫ શ્રી ડૉ. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય (ધારાસભ્ય) (કચ્છ)
૩૬ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી (કચ્છ)
૩૭ શ્રી અમિતાબેન અશ્વિનભાઈ પટેલ (નવસારી)
૩૮ શ્રી ડૉ. અનિલભાઈ પટેલ (કર્ણાવતી શ)
૩૯ શ્રી પ્રદિપભાઈ ખીમાણી (જુનાગઢ શ)
૪૦ શ્રી વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી (જામનગર શ)
૪૧ શ્રી ખોડાભાઈ નારસંગભાઈ પટેલ (મહેસાણા)
૪૨ શ્રીમતી ચંદ્રિકાબેન પટેલ (અરવલ્લી)
૪૩ શ્રી કાંતિભાઈ રેશ્માભાઈ ગામીત (તાપી)
૪૪ શ્રી ઋષિકેશભાઈ પટેલ (ધારાસભ્ય) (મહેસાણા)
૪૫ શ્રી પ્રભાતસિંહ ચૌહાણ (પંચમહાલ)
૪૬ શ્રી શબ્દશરણભાઈ તડવી (નર્મદા)
૪૭ શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ (ધારાસભ્ય)(નવસારી)
૪૮ શ્રી કનુભાઈ દેસાઈ (ધારાસભ્ય) (વલસાડ)
૪૯ શ્રી ચૈતન્ય શંભુમહારાજ અધ્યારૂ (કર્ણાવતી શ)
૫૦ શ્રી ભવાનભાઈ ભરવાડ (કર્ણાવતી શ)
૫૧ શ્રી પંકજભાઈ અનોપચંદ મહેતા (કચ્છ)
૫૨ શ્રી અમિતભાઈ શાહ (પૂર્વ મેયર) (કર્ણાવતી શ)
૫૩ શ્રી દેવાણંદભાઈ સામતભાઈ સોલંકી (જુનાગઢ જિ)
૫૪ શ્રી લાલજીભાઈ સાવલીયા (રાજકોટ જિ)
૫૫ શ્રી રાકેશભાઈ જશવંતલાલ શાહ (ધારાસભ્ય) (કર્ણાવતી શ)
૫૬ શ્રી કિશોરભાઈ કરશનભાઈ મકવાણા (કર્ણાવતી શ)
૫૭ શ્રી વિજયભાઈ પટેલ (ધારાસભ્ય) (ડાંગ)
૫૮ શ્રી શંકરભાઈ નાનુભાઈ વેગડ (સુરેન્દ્રનગર)
૫૯ શ્રીમતી કિરણબેન જયંતિભાઈ પટેલ (વલસાડ)
૬૦ મહંતશ્રી લાલદાસબાપુ (ગેડીયાવાળા) (સુરેન્દ્રનગર)
૬૧ શ્રી ભરતસિંહ રહેવર (અરવલ્લી)
૬૨ શ્રી દિલીપસિંહ વિજયસિંહ રાઠોડ (સુરત જિ)
૬૩ શ્રી હિરેનભાઈ હિરપરા (અમરેલી)
૬૪ શ્રી રાજેન્દ્રભાઈ ચંદુભાઈ પટેલ (અમદાવાદ જિ.)
૬૫ શ્રી મહેશભાઈ ભાઈલાલભાઈ પટેલ (આણંદ)
૬૬ શ્રી હરેશભાઈ શ્યામજીભાઈ જાની (બનાસકાંઠા)
૬૭ શ્રી સુરેશભાઈ ગોધાણી (બોટાદ)
૬૮ શ્રી યોગેશભાઈ શશીકાંતભાઈ પટેલ (ભરૂચ)
૬૯ શ્રી સનતકુમાર શાંતીલાલ મોદી (ભાવનગર શહેર)
૭૦ શ્રી મહેન્દ્રભાઈ પનોત (ભાવનગર જિ)
૭૧ શ્રી જશુભાઈ ભીલુભાઈ રાઠવા (છોટા ઉદેપુર)
૭૨ શ્રી કાળુભાઈ નારણભાઈ ચાવડા (દેવભૂમિ દ્વારકા)
૭૩ શ્રી મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલ (ગાંધીનગર શહેર)
૭૪ શ્રીમતી પુનમબેન જાટ (કચ્છ)
૭૫ શ્રી વેલજીભાઈ મસાણી (જુનાગઢ શ)
૭૬ શ્રી શશીકાંતભાઈ આંબાભાઈ ભીમાણી (જુનાગઢ શ)
૭૭ શ્રી હસમુખભાઈ ઈશ્વરભાઈ હિંડોચા (જામનગર શ)
૭૮ શ્રી દિલુભા ચુડાસમા (વડોદરા જિ)
૭૯ શ્રી જયપ્રકાશભાઈ પુરૂષોત્તમભાઈ પટેલ (મહીસાગર)
૮૦ શ્રી દિલીપસિંહ ચુડાસમા (જામનગર જિ)
૮૧ શ્રી માનસિંહભાઈ ચૌહાણ (મહીસાગર)
૮૨ શ્રી નીતિનભાઈ છનાભાઈ પટેલ (મહેસાણા)
૮૩ શ્રી રાઘવજીભાઈ જીવરાજભાઈ ગડારા (મોરબી)
૮૪ શ્રી નીતિનભાઈ દેવપ્રસાદ ઠાકર (સુરત શ)
૮૫ શ્રી રમેશભાઈ ધનજીભાઈ રૂપાપરા (રાજકોટ શ)
૮૬ શ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ (સાબરકાંઠા)
૮૭ શ્રી દિલીપભાઈ મફતલાલ પટેલ (સુરેન્દ્રનગર)
૮૮ શ્રી પ્રકાશભાઈ ગોવિંદભાઈ સોની (સુરેન્દ્રનગર)
૮૯ શ્રી હરૂભાઈ ગોંડલીયા (ભાવનગર શહેર)
૯૦ શ્રી પુનમભાઈ કાલાભાઈ મકવાણા (ગાંધીનગર શહેર)
૯૧ શ્રી ભરતભાઈ કેશુભાઈ પટેલ (રાજકોટ શહેર)
૯૨ શ્રી આશિષભાઈ ચંદુભાઈ અમીન (કર્ણાવતી શ)
૯૩ શ્રી દેવાંગભાઈ નાણાવટી (કર્ણાવતી શ)
૯૪ શ્રી લક્ષ્મણભાઈ પટણી (કર્ણાવતી શ)
૯૫ શ્રી ગીરીશચંદ્ર ખેમચંદભાઈ પરમાર (કર્ણાવતી શ)
૯૬ શ્રીમતી જયાબેન ભરતકુમાર ઠક્કર (વડોદરા શ)
૯૭ શ્રી ઘનશ્યામભાઈ બાબુભાઈ દેસાઈ (નર્મદા)
૯૮ શ્રી હર્ષદભાઈ દયાશંકરભાઈ દવે (ભાવનગર શહેર)
૯૯ શ્રી અરવિંદભાઈ લાડાણી (જુનાગઢ જિ)



## પ્રદેશના સહ પ્રવક્તાશ્રી અને ઝોન પ્રવક્તાશ્રીઓ તેમજ મીડિયા ઝોન કન્વીનરશ્રીઓ


### પ્રદેશ સહ પ્રવક્તાશ્રી અને ઝોન પ્રવક્તાશ્રીઓ

| ક્રમ | નામ | ક્ષેત્ર |
|---|---|---|
| ૧. | શ્રી કિશોરભાઈ મકવાણા | પ્રદેશ સહ પ્રવક્તાશ્રી (૨ એપ્રિલના રોજ નિમણુંકની જાહેરાત કરેલ છે.) અને પ્રવક્તાશ્રી - ઉત્તર ઝોન |
| ૨. | શ્રી રાજુભાઈ ધ્રુવ | પ્રવક્તાશ્રી - સૌરાષ્ટ્ર ઝોન |
| ૩. | શ્રી જગદીશભાઈ પટેલ (બલ્લર) | પ્રવક્તાશ્રી - દક્ષિણ ઝોન |
| ૪. | ડૉ. જ્યોતિબેન પંડ્યા | પ્રવક્તાશ્રી - મધ્ય ઝોન |

### મીડિયા ઝોન કન્વીનરશ્રીઓ

| ક્રમ | ઝોનનું નામ | નામ | જવાબદારી |
|---|---|---|---|
| ૧. | દક્ષિણ ઝોન | શ્રી રાજેશભાઈ દેસાઈ | ઝોન કન્વીનર |
| ૨. | | શ્રી એડવૉકેટ દીપીકાબેન ચાવડા | ઝોન સહ કન્વીનર |
| ૩. | મધ્ય ઝોન | શ્રી સત્યેનભાઈ કુલાબકર | ઝોન કન્વીનર |
| ૪. | | શ્રી રાજેશભાઈ પારેખ | ઝોન સહ કન્વીનર |
| ૫. | ઉત્તર ઝોન | શ્રી રેખાબેન ચૌધરી | ઝોન કન્વીનર |
| ૬. | | શ્રી રાજુભાઈ ભટ્ટ ઝોન | સહ કન્વીનર |
| ૭. | ઉત્તર ઝોન (કર્ણાવતી, અમદાવાદ જીલ્લો, ગાંધીનગર શહેર અને જીલ્લો) | શ્રી હિતેશભાઈ પટેલ (પોચી) | ઝોન કન્વીનર |
| ૮. | | શ્રી રાજીકાબેન કચેરીયા | ઝોન સહ કન્વીનર |
| ૯. | સૌરાષ્ટ્ર ઝોન | શ્રી મુકેશભાઈ દાસાણી | ઝોન કન્વીનર |
| ૧૦. | | શ્રી સુરેશભાઈ માંગુકીયા | ઝોન સહ કન્વીનર |

૧૦૦ શ્રી ગીરીશભાઈ મગનલાલ કોટેચા (જુનાગઢ શ)
૧૦૧ શ્રી શૈલેન્દ્રસિંહ કાનાભાઈ રાઠોડ (ગીર સોમનાથ)
૧૦૨ શ્રી સીતાબેન નાયક (વલસાડ)
૧૦૩ શ્રી મણીભાઈ પ્રેમાભાઈ પટેલ (વલસાડ)
૧૦૪ શ્રીમતી હેમલતાબેન પટેલ (ચૌધરી) (અરવલ્લી)
૧૦૫ શ્રી જીવાભાઈ પટેલ (મહેસાણા)
૧૦૬ શ્રી ફતેસિંહ ચૌહાણ (પંચમહાલ)
૧૦૭ શ્રી માધાતસિંહ મનોહરસિંહ જાડેજા (રાજકોટ શ)
૧૦૮ શ્રી સુભાષભાઈ રતુભાઈ પાડવી (તાપી)
૧૦૯ શ્રી રક્ષાબેન રઘુભાઈ બોળીયા (રાજકોટ શ)
૧૧૦ શ્રી વિજયભાઈ જમનાદાસ થાનકી (પોરબંદર)
૧૧૧ શ્રી ગુણવંતભાઈ ધીરજલાલ દેસાઈ (સુરત જી)
૧૧૨ શ્રી કરશનભાઈ રામજીભાઈ ટીલવા (નવસારી)
૧૧૩ શ્રી શુક્લભાઈ હડાભાઈ બલદાણીયા (અમરેલી)
૧૧૪ શ્રી જીતેન્દ્રસિંહ હરીભાઈ ચૌહાણ (અમદાવાદ જિ)
૧૧૫ શ્રી પ્રતાપસિંહ ફતેસિંહ ગોહેલ (આણંદ)
૧૧૬ શ્રી દિનેશભાઈ મહાદેવભાઈ દવે (બનાસકાંઠા)
૧૧૭ શ્રી છનાભાઈ સવશીભાઈ કેરાલીયા (બોટાદ)
૧૧૮ શ્રી કમલેશભાઈ જશુભાઈ રાઠોડ (બોટાદ)
૧૧૯ શ્રી વિનુભાઈ વાડીલાલ રોજાશરા (બોટાદ)
૧૨૦ શ્રી નરેન્દ્રભાઈ દવે (બોટાદ)
૧૨૧ શ્રી મગનભાઈ સોમાભાઈ વસાવા (ભરૂચ)
૧૨૨ શ્રી મનહરભાઈ શામજીભાઈ મોરી (ભાવનગર શહેર)
૧૨૩ શ્રી યોગેશભાઈ જલુભાઈ પારઘી (દાહોદ)
૧૨૪ શ્રી નીતિનભાઈ સોમાભાઈ પટેલ (ગાંધીનગર શહેર)
૧૨૫ શ્રી નાઝાભાઈ ધાંધર (ગાંધીનગર શહેર)




૧૨૬ શ્રી બાબુભાઈ કાળાભાઈ વાઘેલા (ગીર સોમનાથ)
૧૨૭ શ્રી લક્ષ્મણસિંહ અલજીભાઈ સોઢા (કચ્છ)
૧૨૮ શ્રી અજીતભાઈ મંગળભાઈ ડાભી (ખેડા )
૧૨૯ શ્રી લક્ષ્મણભાઈ યાદવ (જુનાગઢ જિ)
૧૩૦ શ્રી કશ્યપભાઈ વૈષ્ણવ (જામનગર જિ)
૧૩૧ શ્રી મંજુલાબેન સનાભાઈ ખાંટ (મહીસાગર)
૧૩૨ શ્રી કલાવતીબેન ચૌહાણ (મહીસાગર)
૧૩૩ શ્રી માનસિંહ ભમાત (મહીસાગર)
૧૩૪ શ્રી મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલ (મહેસાણા)
૧૩૫ શ્રી કિરણભાઈ ભોગીલાલભાઈ વસાવા (નર્મદા)
૧૩૬ શ્રી રાજપાલસિંહ મહેન્દ્રસિંહ જાદવ (પંચમહાલ)
૧૩૭ શ્રી ગોપાલભાઈ ઘનશ્યામભાઈ પટેલ (પંચમહાલ)
૧૩૮ શ્રી નીતિનભાઈ જશુભાઈ શાહ (પંચમહાલ)
૧૩૯ શ્રી નિલેશભાઈ રામભાઈ મોરી (પોરબંદર)
૧૪૦ શ્રી વિક્રમભાઈ વેજાભાઈ ઓડેદરા (પોરબંદર)
૧૪૧ શ્રી વી. ડી. પટેલ (રાજકોટ જિ)
૧૪૨ શ્રી જીતુભાઈ શશીકાંત મહેતા (રાજકોટ શ)
૧૪૩ શ્રી ડૉ. જગદીશભાઈ પી. પટેલ (બલ્લર) (સુરત શ)
૧૪૪ શ્રી શંકરભાઈ ચેવલી (સુરત શ)
૧૪૫ શ્રી સુરેશભાઈ દેવચંદભાઈ શાહ (સુરત શ)
૧૪૬ શ્રી વિશાલભાઈ દેસાઈ (સુરત શ)
૧૪૭ શ્રી જયરાજકુંવરબા સોલંકી (સુરત શ)
૧૪૮ શ્રી મોહનભાઈ ડી. કોંકણી (તાપી)
૧૪૯ શ્રી અશોકભાઈ રામસીંગભાઈ પરમાર (વડોદરા જિ)
૧૫૦ શ્રી લાલજીભાઈ અભેસીંગ પઢીયાર (વડોદરા જિ)
૧૫૧ શ્રી ભીખુભાઈ જેસીંગભાઈ દેસાઈ (વડોદરા જિ)

## પ્રદેશ વિશેષ આમંત્રિત સભ્યશ્રીઓ

૧ શ્રી વિજયભાઈ રૂપાણી (રાજકોટ શહેર)
૨ શ્રી નીતિનભાઈ પટેલ (મહેસાણા)
૩ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા (અમરેલી)
૪ શ્રી ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા (અમદાવાદ જિ)
૫ શ્રી આર. સી. ફળદુ (જામનગર શહેર)
૬ શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ (નવસારી)
૭ શ્રીમતી ભારતીબેન શિયાળ (ભાવનગર જિ)
૮ શ્રી મનસુખભાઈ માંડવીયા (ભાવનગર જિ)
૯ શ્રી રાજેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ રાણા (ભાવનગર શહેર)
૧૦ શ્રી જીતુભાઈ વાઘાણી (ભાવનગર શહેર)
૧૧ શ્રી કૌશિકભાઈ પટેલ (કર્ણાવતી)
૧૨ શ્રી જશવંતસિંહ ભાભોર (સાંસદ) (દાહોદ)
૧૩ શ્રી દિલીપભાઈ સંઘાણી (અમરેલી)
૧૪ શ્રી શંકરભાઈ ચૌધરી (બનાસકાંઠા)
૧૫ શ્રી ભરતસિંહ પરમાર (ભરૂચ)
૧૬ શ્રી નરોત્તમભાઈ ત્રિકમભાઈ પટેલ (સુરત શહેર)
૧૭ શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ (મહેસાણા)
૧૮ શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવા (સુરત જિ)
૧૯ શ્રી નરહરિભાઈ હીરાલાલ અમીન (કર્ણાવતી)
૨૦ શ્રી જયનારાયણભાઈ નર્મદાશંકર વ્યાસ (પાટણ)
૨૧ શ્રી સૌરભભાઈ પટેલ (બોટાદ)
૨૨ શ્રી દિલીપસિંહ વીરાજી ઠાકોર (પાટણ)
૨૩ શ્રી પ્રદિપસિંહ જાડેજા (કર્ણાવતી)
૨૪ શ્રી મનસુખભાઈ ડી. વસાવા (નર્મદા)
૨૫ શ્રી જયસિંહ ચૌહાણ (સાબરકાંઠા)
૨૬ શ્રી બાબુભાઈ ભીમાભાઈ બોખીરીયા (પોરબંદર)
૨૭ શ્રી કે. સી. પટેલ (પાટણ)
૨૮ શ્રીમતી રમીલાબેન બારા (સાંસદ) (સાબરકાંઠા)
૨૯ ડૉ. કિરીટભાઈ પ્રેમજીભાઈ સોલંકી (કર્ણાવતી)
૩૦ શ્રી હરીભાઈ ચૌધરી (બનાસકાંઠા)
૩૧ શ્રી દત્તાજી નારાયણ ચિરંદાસ (કર્ણાવતી)
૩૨ શ્રી હરિનભાઈ રામચંદ્ર પાઠક (કર્ણાવતી)
૩૩ શ્રી ભરતભાઈ ચીમનલાલ બારોટ (કર્ણાવતી)
૩૪ ડૉ. વલ્લભભાઈ રામજીભાઈ કથીરીયા (રાજકોટ શહેર)
૩૫ શ્રી ફકીરભાઈ છોટુભાઈ ચૌહાણ (સુરત શહેર)
૩૬ શ્રી રમણભાઈ પટેલ (જાની) (સુરત જિ)
૩૭ શ્રી સુનિલભાઈ ઓઝા (ભાવનગર શહેર)
૩૮ શ્રી કાનાજી શંકરજી ઠાકોર (કર્ણાવતી)
૩૯ શ્રી નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી (સુરત શહેર)
૪૦ શ્રી પ્રવિણચંદ્ર રૃઘનાથજી નાયક (સુરત શહેર)
૪૧ ડૉ. કે. સી. પટેલ (વલસાડ)
૪૨ શ્રી ઈશ્વરભાઈ ઠાકોરભાઈ પટેલ (ભરૂચ)
૪૩ શ્રી વિભાવરીબેન વિજયભાઈ દવે (ભાવનગર શહેર)
૪૪ શ્રીમતી ભાવનાબેન કર્દમભાઈ દવે (કર્ણાવતી)
૪૫ શ્રી પુંજાજી સદાજી ઠાકોર (મહેસાણા)
૪૬ શ્રી એન. વી. પટેલ (વડોદરા શહેર)
૪૭ શ્રી પંકજભાઈ દેસાઈ (ખેડા)
૪૮ શ્રી માધુભાઈ સોમાભાઈ ઠાકોર (કર્ણાવતી)
૪૯ શ્રી ભગવાનદાસ નારણદાસ પંચાલ (ગાંધીનગર શહેર)
૫૦ શ્રી માનસિંહ કલ્યાણજી પટેલ (સુરત જિ)
૫૧ શ્રી પરેશભાઈ રાવલ (કર્ણાવતી)
૫૨ શ્રી પરમાનંદભાઈ ખટ્ટર (જામનગર શહેર)
૫૩ શ્રી શામળભાઈ મુળચંદભાઈ પટેલ (અરવલ્લી)

•



## સ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસબોધ નવી પેઢીને આપવાની જવાબદારી આપણા સૌની છે - ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ






પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૨ માર્ચે સાબરમતી આશ્રમથી શરૂ કરાવેલી દાંડીયાત્રાનું આજે ૬ એપ્રિલે દાંડી સ્થિત નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ ખાતે ઉપરાષ્ટ્રપતિશ્રીએ સમાપન કરાવ્યું હતું. દેશની આઝાદીનાં ૭૫ વર્ષ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આરંભાયેલા 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત અમદાવાદના સાબરમતી આશ્રમથી નીકળેલી દાંડીયાત્રાના સમાપન સમારોહ વેળાએ ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુએ જણાવ્યું હતું કે, સ્વાતંત્ર્ય સંગ્રામમાં દેશના અનેક વીર સપૂતોએ આપેલા બલિદાનની ગાથાઓ નવી પેઢી સુધી પહોંચાડવાની જવાબદારી આપણા સૌની છે. સાબરમતી આશ્રમ ખાતેથી શરૂ થયેલી દાંડીયાત્રા માત્ર પદયાત્રા નહોતી. પણ, એ વખતે અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવા માટે નવી જનચેતના જાગૃત કરવા માટેનું અભિયાન હતું.

ઉપરાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યું કે, દાંડીયાત્રામાં સમગ્ર ભારતભરમાંથી નાગરિકો તે વખતે જોડાયા હતા. આ ઉપરાંત, દેશના વિવિધ પ્રાંતમાં પણ નમકના કાયદાના સવિનય ભંગના કાર્યક્રમો યોજાયા હતા. તેમાં કસ્તૂરબા, સરોજિની નાયડુ, રમાદેવી, સરસ્વતી દેવી જેવી વીરાંગનાઓ પણ જોડાઈ હતી. રાષ્ટ્રભાવ અને સ્વતંત્રતાનો જુવાળ જાગ્યો હતો. અંગ્રેજો પાસેથી સ્વાધીનતા મેળવવા માટે નાગરિકોને આ દાંડીયાત્રાએ નવી દિશા આપી હતી. મહાત્મા ગાંધીજી પોતાની આ યાત્રા દરમિયાન વચ્ચે આવતાં ગામોમાં થતી સભાઓમાં નાગરિકોને સ્વાધીનતા, સ્વચ્છતા, અસ્પૃશ્યતા નિવારણ અને સ્વદેશીની હિમાયતનો સંદેશ આપતા હતા.

મહાત્મા ગાંધીએ લૉર્ડ ઇરવીનને લખેલા પત્રનું ઉદાહરણ આપતાં ઉપરાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યું કે, તેમણે પત્રમાં લૉર્ડ ઇરવીનને મિત્રનું સંબોધન કર્યું હતું. આ વાત રાજનીતિમાં આજે પણ એટલી જ પ્રસ્તુત છે. અત્યારે રાજકારણમાં એ વાત ખાસ યાદ રાખવા જેવી છે કે રાજનેતાઓ વચ્ચે મતમતાંતર હોઈ શકે પણ તે ભારતીય છે જેથી રાજનેતાઓમાં દુશ્મનાવટ ના હોવી જોઈએ. લોકતંત્રમાં ભાષા અને શબ્દોની પસંદગી પણ ગરિમામય હોવી જોઈએ. આ જ લોકશાહીનાં સાચાં મૂલ્યો છે.

શ્રી વેંકૈયા નાયડુએ એમ પણ કહ્યું કે, ગાંધીજીના સપનાના ભારતમાં માત્ર આઝાદી જ નહોતી. તેઓ એવું સ્પષ્ટ માનતા હતા કે, જ્યાં સુધી ગરીબોનો સર્વાંગી વિકાસ ના થાય ત્યાં સુધી સ્વતંત્રતા અપૂર્ણ છે. જેવા લાભો શ્રીમંતોને મળે છે, એવા લાભો ગરીબોને ના મળે ત્યાં સુધી આઝાદી અધૂરી છે. આ ખાઈ દૂર કરવા માટે આત્મનિર્ભર બનવું પણ જરૂરી છે. આજે દેશ અને રાજ્યની સરકારો ગરીબોના કલ્યાણ માટે સારું કામ કરી રહી છે, તે આંનદની વાત છે. આઝાદી બાદ ભારતે વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ વિકાસ કર્યો છે. ગરીબોનું કલ્યાણ, માર્ગો, વીજળી, સંચાર વ્યવસ્થા, આરોગ્ય, શિક્ષણ, પ્રાદ્યોગિક બાબતોમાં ભારતે પ્રગતિ કરી છે. તેના માટે આપણે સૌ ગૌરવ લઈ શકીએ છીએ. ખેડૂતો પણ સાચા કોરોના ફ્રન્ટલાઇન વોરિયર્સ છે, ખેડૂતોના કલ્યાણ સંદર્ભે આજે નકારાત્મક પ્રચાર ચાલે છે. કોરોનાકાળમાં આ ખેડૂતોએ વિક્રમજનક ખેતઉત્પાદન કર્યું છે. આપણા દેશના વૈજ્ઞાનિકોએ બનાવેલી કોરોના વિરોધી રસી વિશ્વના બાવન દેશોને આપીને આપણે વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવનાનો પરિચય આપ્યો છે.

ઉપરાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે, આઝાદીનો અમૃત મહોત્સવ દેશને સ્વાધીનતા અપાવનારા સપૂતો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર છે. આ જનઆંદોલન બની ગયું છે. ઇતિહાસ આપણને જે શીખવે છે, તે આપણી નવી પેઢીને શીખવવાની જવાબદારી આપણી છે. આ જ પેઢી ભારતનું ભવિષ્ય છે.



**કાળજા કેરા કટકાને વિધર્મીની ચુંગલમાંથી બચાવી ધર્માંતરણ દ્વારા થતા રાષ્ટ્રાંતરણને અટકાવવાનો નક્કર પ્રયાસ**






# પહેલાં ગાયને કસાઈઓના હાથમાં જતી અટકાવવા ગૌહત્યા નાબૂદી માટે વિશેષ કાયદો લાવ્યા અને હવે દીકરીઓને જેહાદીઓના હાથમાં જતી અટકાવવા કાયદો લાવ્યા


## દીકરીઓ સામે છળકપટથી ધર્માન્તર કરાવી લગ્ન કરાવનાર તત્ત્વોને ભાજપ સરકાર ક્યારેય બક્ષસે નહીં, લવ જેહાદ એ આપણો પોલિટિકલ એજન્ડા નહીં પણ વ્યથાને વ્યવસ્થામાં પરિવર્તિત કરી કડકાઈથી પગલાં લેવાનો દૃઢ નિર્ધાર

ગુજરાતમાં હિંદુ સહિત તમામ ધર્મની બહેન-દીકરીઓને સુરક્ષિત કરવા મક્કમ નિર્ધાર સાથે અમે આગળ વધી રહ્યા છીએ. દીકરીઓ સાથે દુર્વ્યવહાર કરનારાં જેહાદી તત્ત્વોને નાથવા માટે અમે લવ જેહાદના કાયદારૂપી શસ્ત્ર રાજકીય દૃઢ ઈચ્છાશક્તિના પરિણામે ઉગામ્યું છે. આ અમારો પોલિટિકલ એજન્ડા નહીં પણ દુર્વ્યવહાર પ્રત્યે અમારી વ્યથા છે. તેને વ્યવસ્થામાં પરિવર્તિત કરી બહેન-દીકરીઓ સાથે વિશ્વાસઘાત કરી રસ્તે રઝળતી મૂકી દેતાં તત્ત્વો સામે કડકાઈથી પગલાં લેવાના દૃઢ નિર્ધાર સાથે આ કાયદો લઈને આવવાનું મને સદ્ભાગ્ય મળ્યું એ બદલ ગર્વ સાથે હું કૃતજ્ઞતાની લાગણી અનુભવું છું.

દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહના દૃષ્ટિવંત નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજયના સંવેદનશીલ-નિર્ણાયક મુખ્યમંત્રીશ્રી રાજકીય દૃઢ ઈચ્છાશક્તિથી આ કાયદો અમે માત્ર ને માત્ર બહેન-દીકરીઓને વધુ સુરક્ષિત કરવાના ઉદ્દેશ્ય સાથે લાવ્યા છીએ. તેમણે ઉમેર્યું કે, ધર્માંતરણ એ આગામી સમયનું રાષ્ટ્રાંતરણ છે, માટે તેને અંકુશમાં લેવું અત્યંત અનિવાર્ય છે. આજે કેટલાક ધાર્મિક ગુરુઓ અને આકાઓના ઈશારે આતંકવાદી ગતિવિધિઓને વેગ આપવા ધર્માંતરણના નામે જેહાદી તત્ત્વોનું વૈશ્વિક ષડ્યંત્ર ચાલી રહ્યું છે. તેને અમે ક્યારેય સાંખી લઈશું નહીં.

સમાજમાં દીકરી વ્હાલનો દરિયો છે. આ વહાલના દરિયાને વધુ સુરક્ષિત કરવીએ અમારી નૈતિક ફરજ છે. પહેલાં ગાયને કસાઈઓના હાથમાં જતી અટકાવવા અમે ગૌહત્યા નાબૂદી માટે વિશેષ કાયદો લાવ્યા અને હવે દીકરીઓને જેહાદીઓના હાથમાં જતી અટકાવવા આ લવ જેહાદ સંદર્ભનો કાયદો લાવ્યા છીએ. હિંદુ ધર્મમાં દીકરી અને ગાય બન્નેને પવિત્ર નજરે જોવામાં આવે છે. તે બન્નેનું રક્ષણ કરવું અમારી રાજકીય ઈચ્છાશક્તિ જ નહી પરંતુ દૃઢ સંકલ્પ છે અને એટલે જ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે અગાઉ ગાયોને બચાવવા કાયદો કડક બનાવ્યો અને બહેન દીકરીઓને બચાવવા કાયદો કડક બનાવ્યો. રાજ્યમાં ગરીબ પરિવારની દીકરીઓને ભોળવીને લગ્ન બાદ ધર્માંતરણ કરાવીને વિશ્વાસઘાત કરવાનો હીન પ્રયાસ કરનારા વિધર્મી તત્ત્વો હવે ચેતી જાય, આ નવા કાયદાની ચુંગાલમાંથી તમે ક્યારેય છટકી શકશો નહીં.

દેશનાં વિવિધ રાજ્યો તેમજ અન્ય દેશોના આ સંદર્ભના કાયદાનો સંપૂર્ણપણે અભ્યાસ કર્યા બાદ અમે આ કાયદો લાવ્યા છીએ. હિંદુ ધર્મ માત્ર ધર્મ જ નથી સંસ્કૃતિ છે, જેમાં બહેન




દીકરીઓનું ખૂબ જ નરમાશથી જતન કરવામાં આવે છે. આ સાંસ્કૃતિક ધરોહર ઉપર પ્રહાર કરવા કેટલાંક વિધર્મી તત્ત્વોએ લવ જેહાદ નામનો નવો રસ્તો શોધી કાઢ્યો છે, પરંતુ અમારા ધર્મ અને સંસ્કૃતિનું જતન કરવું અમારી નૈતિક ફરજ અને જવાબદારી છે. આજે કરેલું ધર્માંતરણ આવતી કાલનું રાષ્ટ્રાંતરણ છે. બંધારણમાં ધર્મપ્રચાર કરવા છૂટ મળેલી છે પરંતુ ધર્મપ્રચારના નામે ધર્માંતરણ કરવા માટેની છૂટ બંધારણે બિલકુલ આપેલી નથી. પ્રેમના આધારે કરેલા લગ્નનો આપણને વાંધો ન હોઈ શકે, પરંતુ ધર્માંતરણને આધારે દેશને ખોખલો કરવાની માનસિકતાના આધાર ઉપર બહેન દીકરીનું વિધર્મીઓ દ્વારા શોષણ કરીને રસ્તે રઝળતી કરી દેવાની વૃત્તિ સામે અમને વાંધો છે. જે અમારી સરકાર હરગિજ થવા દેશે નહીં.

ડૉ. આંબેડકરના અધ્યક્ષસ્થાને મળેલ સભાની ચર્ચામાં ધાર્મિક સ્વાતંત્ર્ય મૂળભૂત અધિકાર છે પણ તેને ધર્મપ્રચારનો મૂળભૂત અધિકાર ન ગણવો જોઈએ તેવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું. આ ચર્ચા દરમિયાન શ્રી લોકનાથ મિશ્રા જે કહેવા માંગતા હતા તેનો સાર એ છે કે "ધર્મ-સ્વાતંત્ર્યના નામે ધર્મનો પ્રચાર કરીને ધર્માંતરણ કરાવવાની પ્રક્રિયાને દેશનું બંધારણ અનુમતિ આપતું નથી." ધર્મપરિવર્તનની ચિંતા આજ-કાલની નથી. ૧૯૫૪માં આઝાદ ભારતના સંસદગૃહે આ અંગે ચર્ચા કરી ચિંતા વ્યક્ત કરેલી છે અને તે અંતે સ્પષ્ટ કહ્યું છે કે બંધારણે બક્ષેલા ધર્મ-સ્વાતંત્ર્યના અધિકારોનું હનન એ આપણા સહુ માટે ચિંતાનો વિષય હોવો જોઈએ. સંસદગૃહે ૧૯૫૪ પછી ૧૯૬૦માં અને ગુજરાત વિધાનસભાએ ૧૯૬૯, ૧૯૭૨, ૧૯૮૦, ૧૯૯૯ અને ૨૦૦૩માં આ મુદ્દે બિનસરકારી વિધેયકોના માધ્યમથી કે સરકારી બિલના માધ્યમથી ધર્મ સ્વાતંત્ર્ય રક્ષણ માટે સદા ચિંતા સેવી છે.

છેલ્લા કેટલાક સમયથી સમાજ-વ્યવસ્થાના સુવ્યવસ્થિત માળખામાં છેડછાડ કરી અવ્યવસ્થા ઊભી કરવાના બદઈરાદાથી અમુક કટ્ટર ધાર્મિક તત્ત્વો દ્વારા નિર્દોષ યુવતીઓને યેનકેન પ્રકારે લાલચ આપી, ફોસલાવીને લગ્ન માટે તૈયાર કરી ધર્માંતરણ કરાવવામાં આવી રહ્યું હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. આવા પ્રસંગોમાં લગ્ન કરવા પાછળનું મુખ્ય કારણ યુવતીઓનું ધર્મપરિવર્તન કરાવવાનું હોવાનું સ્પષ્ટપણે ફલિત થયું છે. સગીર વયની કિશોરીઓ/યુવતીઓ વિભિન્ન પ્રકારનાં પ્રલોભન, લાલચ અને છેતરપિંડીનો ભોગ બની શરૂઆતમાં તો આકર્ષણવશ ધર્મ બદલવા માટે તૈયાર થઈ જાય છે. પરંતુ, બાદમાં વાસ્તવિકતા સપાટી પર આવતાં અપાર પસ્તાવાનો ભોગ બને છે. યુવકો દ્વારા એક ધર્મના હોવા છતાં અન્ય ધર્મનાં ચિહ્નો ધારણ કરી યુવતીઓને માયાજાળમાં ફસાવી ભ્રમિત કરવામાં આવે છે. આવા કિસ્સાઓમાં યુવતીઓને વિધર્મી યુવાનો પ્રત્યે સંપૂર્ણપણે આકર્ષણમાં આવી જાય ત્યાં સુધી અજાણ હોય છે અને પોતાના જ ધર્મના યુવક સાથે લગ્ન કરી રહી છે તેવી ભ્રામક માન્યતામાં રહે છે, પરંતુ, વાસ્તવિકતા સામે આવે ત્યાં સુધી ખૂબ જ વિલંબ થઈ ગયો હોય છે અને અન્ય ધર્મમાં લગ્ન કરવામાં આવ્યાં હોવાના કારણે સામાજિક રૂઢિઓના કારણે આવી કિશોરીઓ/યુવતીઓના પરત ફરવાના તમામ દરવાજા બંધ થઈ જવાના કારણે તેમની પાસે માત્ર શારીરિક, માનસિક, સામાજિક ત્રાસ સહન કર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ ઉપલબ્ધ રહેતો નથી. ઘણા કિસ્સાઓમાં કિશોરીઓ / યુવતીઓને પોતાનાં માતાપિતા મદદરૂપ થવા તત્પર હોવા છતાં પણ કાયદાકીય રીતે મદદરૂપ ન થઈ શકતાં હોવાથી આવી કિશોરીઓ / યુવતીઓ દ્વારા આત્મહત્યા પણ કરવામાં આવે છે. આ સમગ્ર વિષચક્ર સમાજની રૂઢિઓ સામે મોટા ખતરારૂપ છે.


તા. ૨૬ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ ફરીદાબાદમાં ૨૧ વર્ષની એક દીકરીએ લગ્નનો તેમજ બળજબરીથી ધર્મપરિવર્તનનો ઇનકાર કરતાં કોલેજ બહાર જ બે વિધર્મી યુવાનો દ્વારા જાહેરમાં બંદૂકની અણીએ મારી નાખવામાં આવી હતી. આવી ઘટનાઓ ચોક્કસ સમાજની માનસિકતા દર્શાવે છે. તે ઉપરાંત હિંદુ-મુસ્લિમની વાતોને સાંપ્રદાયિક ગણાવતી ઉત્તર પ્રદેશના મહારાજગંજની એક યુવતીએ પરિવાર અને સમાજની ઉપરવટ જઈ આસિફ નામના મુસ્લિમ યુવક સાથે નિકાહ પઢી ઇસ્લામ કબૂલી આયશા બની ગઈ. નિકાહ બાદ આસિફ યુવતીને છોડી સાઉદી અરબ ભાગી ગયો. આસિફના પરિવારજનોએ યુવતીને એ હદે પરેશાન કરી કે ૧૩ મી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ તેણે આત્મદાહ કરી લીધો. એક હિંદુ યુવતી લવ જેહાદની આગમાં હોમાઈ ગઈ. તે ઉપરાંત કાનપુરના આસિફ શાહ નામના વિધર્મી યુવકે એક હિંદુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી તેનું બ્રેઇન વોશ કરી બળજબરીથી ઇસ્લામ કબૂલાવ્યો. માત્ર ૪ દિવસ બાદ આ યુવતી તેના હિંદુ પરિવારજનોને રસ્તે રઝળતી મળી. ઉત્તરપ્રદેશ બજરિયા પોલીસ સ્ટેશન વિસ્તારની ઘટનામાં એક મંદિરની બહાર ફૂલની દુકાનમાં ફૂલ વેચતી હિંદુ યુવતીને લકી ખાન નામના યુવાને પ્રેમજાળમાં ફસાવી, આપત્તિજનક ફોટા પાડી બળજબરીથી ઇસ્લામ કબૂલ કરવાની ફરજ પાડી.



આવા તો અનેક કિસ્સાઓ ધ્યાને આવેલા છે.

આ જ પ્રમાણેના ગુજરાત રાજયના લવ જેહાદની કેટેગરીમાં આવી શકે તેવા કેટલાક કેસોની તેમ જ એવા કેસો કે જે આઇ.પી.સી. અને 'પોક્સો'ના કાયદા હેઠળ ગુના નોંધાયા ન હોત તો તે ધર્માંતરણ તરફ ચોક્કસપણે દોરી ગયા હોત, તેવા કેસોની વિગતો આપતાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજયનો એક બહુ જ ચર્ચિત કિસ્સો જેમાં નડિયાદમાં માત્ર વીસ વર્ષની મેડિકલ લાઇનનો અભ્યાસ કરતી પાટીદાર સમાજની દીકરી સાથે ૪૪ વર્ષના વિધર્મી બુટલેગરે હિંદુ દીકરીની યુક્તિ-પ્રયુક્તિથી સહી મેળવી બ્લેકમેઈલ કરી પોતાની સાથે લઈ જઈ રાજસ્થાનના માલવી નામના ગામમાં નિકાહનું પ્રમાણપત્ર બનાવી દીકરીને બ્લેકમેઈલ કરેલ. એક સામાજિક સંગઠનની મદદથી નિકાહ સર્ટિફિકેટને ગુજરાત ધર્મ સ્વતંત્રતા અધિનિયમ હેઠળ ચેલેન્જ કરી સાબિત કર્યું કે આ સર્ટિફિકેટ બોગસ છે અને ત્યારબાદ દીકરીનું કાઉન્સેલીંગ કરી હિમ્મત આપી તે દીકરીને પરત લાવ્યા જે ગુજરાતનો પહેલો કિસ્સો છે કે નિકાહ બોગસ સાબિત થયા. આ જ પ્રકારના પાલનપુર સિટી પૂર્વ પોલીસ સ્ટેશનના એક બીજા કેસમાં આરોપી નિશારખાન ઘાસુરા નામનો આરોપી ૧૭ વર્ષ ૧ માસની સગીર દીકરીને ફોસલાવી ઘરેથી ભગાડી ગયો અને રાજસ્થાન જઈ ખોટા દસ્તાવેજો બનાવી લગ્ન-નોંધણી કરાવી લીધેલી. અન્ય એક બહુચર્ચિત કિસ્સામાં ખેડા કોર્ટના રજિસ્ટ્રાર તન્વીર મલેકે પોતે અપરિણીત છે, હિંદુ છે તેમ ખોટું જણાવી પરિચય કેળવ્યો અને ક્ષત્રિય સમાજની પરિણીતાને તેના પતિ સાથે સમસ્યા થતાં હૂંફ આપવાના બહાને તેની જોડે વધુ નજીકના સંબંધો કેળવી ખોટો ઉપયોગ કરતાં તે ભાંડો ફૂટી ગયેલ. વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના અન્ય એક બહુચર્ચિત કેસમાં એક ૨૬ વર્ષની હિંદુ યુવતીએ એક વિધર્મી પુરુષ સાથે પ્રેમલગ્ન કરેલાં અને દોઢ વર્ષના લગ્નજીવન બાદ તેને એક સાત માસનો બાળક હોવા છતાં તેના ઘરેથી ધર્મપરિવર્તન બાબતે વારંવાર ઝઘડો કરી કાઢી મૂકેલ હતી, જેની પોલીસ ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલ હતી. તે જ રીતે, વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અન્ય એક ફરિયાદ અનુસાર એક હિંદુ યુવતીએ આરોપી હનીફખાન બરબતખાન સાથે નિકાહ પઢેલ અને તા. ૧૯/૦૨/૨૦૨૦ના રોજ સાંચોર ખાતે નિકાહનામાને નોટરાઈઝ કરાવી, મુસ્લિમ ધર્મમાં પરિવર્તન કર્યા છે. આવા અનેક કિસ્સાઓને આધારે જ આ કડક કાયદો લાવીને જેહાદીઓની સાન ઠેકાણે લાવવાની ફરજ પડી છે. ઉપરાંત, રાજયમાં કેટલીક એવી પણ ઘટનાઓ બનેલી છે જે હિંદુ દીકરીઓ / યુવતીઓના ગુમ થવા/ભગાડી જવા/અપહરણ થવા અંગે દાખલ થયેલ ઘટનાઓ છે. પરંતુ આ ઘટનાઓ પાછળનો છૂપો ઈરાદો છળકપટથી યુવતી કે દીકરીઓને ફસાવી, લાલચ આપી, અંતે તેની સાથે નિકાહ પઢી તેને ઈસ્લામ ધર્મ કબૂલાવીને તેનું ધર્માંતરણ કરવા તરફ દોરી જાય. આ એક એવી પ્રક્રિયા છે જેમાં સંબંધિત ધર્મગુરુઓ પણ આંખ મીંચામણાં કરે છે. નિકાહ પઢતી વખતે ઈસ્લામના નિયમો પ્રમાણે યુવતીને પૂછવામાં આવે છે કે 'નિકાહ કબૂલ હૈ? પરંતુ છોકરી બોલે કે ન બોલે, તેના નિકાહ કરાવી દે છે. છળકપટથી કે ફોસલાવીને હિંદુ યુવતીને ધર્માંતરણ તરફ દોરી જતી આવી ઘટનાઓ તરફ મૌલવી ભલે આંખ-મીંચામણાં કરે, પણ અમારી આ સરકાર આ બધું આંખ બંધ કરીને જોઈ રહેવા માંગતી નથી. આવા કેસો સત્વરે અટકાવવા જરૂરી છે નહિ તો એ સમય દૂર નથી કે આજનું ધર્માંતરણ એ આવતી કાલનું રાષ્ટ્રાંતર બની જાય.

લવ જેહાદને પોપ્યુલર ફંડ ઓફ ઈન્ડિયા, સ્ટુડન્ટ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયા અને ઈન્ટર-સર્વિસિસ ઇંટેલિજન્સ (પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા) જેવી સંસ્થાઓ ફંડીંગ કરતા હોવાના સમાચારો પણ મળી રહ્યા છે. પોપ્યુલર ફંડ ઓફ ઈન્ડિયાના સદસ્ય અને તેના મુખપત્ર 'ગલ્ફ પેજીસ'ના પ્રબંધ સંપાદક અહેમદ શરીફે આ બાબતનો સ્વીકાર કર્યો છે અને આરબ દેશોમાંથી હવાલા મારફત ભારતમાં ફંડીંગ પહોંચતું હોવાનું જણાવેલ છે. ભારતમાં ઈસ્લામિક સ્ટેટની સ્થાપનાના છૂપા એજન્ડા પર કામ કરતી સંસ્થાનું આ લક્ષ છે. જે રકમમાંથી આરોપીઓ માટે વકીલોની ફી ચૂકવાય છે. હાલ દેશમાં કેટલાંક સંગઠનો લવ જેહાદના પ્રચાર પ્રસારમાં તનમન અને ધનથી લાગેલા છે, જેઓ કુમળી વયની હિંદુ, ઈસાઈ દીકરીઓનું બ્રેઈન વોશ કરવાથી માંડી ઘરથી ભગાડી જવાની તેમના રહેવાની અને નિકાહ કરાવવાની ગોઠવણ કરે છે. ભારતીય જનતા પાર્ટીની અમારી સરકાર બહેનો/દીકરીઓની આવી અવદશાથી ઘણી જ ચિંતિત છે. બની રહેલી આવી ઘટનાઓ માત્ર ને માત્ર ધર્માંતરણ જ નહિ પરંતુ તે પાછળ સામાજિક અસમતુલા સર્જવાનો અને કદાચ છેવટે કોમી દાવાનળ તરફ લઈ જાય તેવી ઘટનાઓને આકાર આપવાનો લવ જેહાદનો આ હીડન એજન્ડા છે. અને તેથી જ શ્રી વિજયભાઈ રૂપાણીની આગેવાની હેઠળની ભારતીય જનતા પાર્ટીની આ સરકારે લવ જેહાદ અંગેનો આ કાયદો લાવવાનો નિર્ધાર કર્યો છે. ●









## આપણી સરકારના આગવા સમાચાર

**છેલ્લાં ત્રણ વર્ષથી જળસંચય અભિયાનમાં ૪૨ હજાર લાખ ઘનફૂટ જેટલી જળસંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે. આ વર્ષે સમગ્ર રાજ્યમાં ૧૮,૫૮૨ જેટલાં કામો જનભાગીદારીથી હાથ ધરી ૨૦ હજાર લાખ ઘનફૂટ વધારાની જળસંગ્રહ ક્ષમતા ઊભી કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ**



# સુજલામ્ સુફલામ્ જળ અભિયાન હરિયાળી ક્રાંતિનું સંવાહક બનશે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી


મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જળસમૃદ્ધ ગુજરાતની નેમ સાથે સુજલામ્-સુફલામ્ જળ અભિયાનના ચોથા ચરણનો પાટણના વડાવલીથી આરંભ કરાવતાં આ અભિયાનમાં જન-જનને જોડીને જળ અભિયાન જન અભિયાન બનાવવાનું પ્રેરક આહ્વાન કર્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ રાજયવ્યાપી અભિયાન બે મહિના રાજ્યમાં ગામ-જિલ્લા-તાલુકા સ્તર સુધી ચાલવાનું છે ત્યારે હરેક નાગરિક, યુવાનો સૌ કોઈ અઠવાડિયામાં બે દિવસ શ્રમયજ્ઞથી અભિયાનમાં જોડાય.

તેમણે સાધન અને શ્રમના ઉપયોગથી જળસ્ત્રોતોના નવસર્જન દ્વારા ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવી ખેતીવાડી, પશુપંખી અને માનવ વસ્તીને પૂરતું પાણી પૂરું પાડી વાસ્તવમાં હરિયાળી ક્રાંતિ સાકાર કરવાની નેમ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ચોમાસા પૂર્વે આ અભિયાનમાં પાડેલો પરિશ્રમનો પરસેવો ચોમાસા પછી જળસમૃદ્ધિથી વિકાસના પારસમણિ રૂપે ઊગી નીકળશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું હતું કે,રાજ્યના દરેક ખેડૂતના કલ્યાણ માટે ચિંતિત રાજ્ય સરકારે છેવાડાના ખેડૂતની સુખાકારી માટેનું આયોજન કર્યું છે. છેલ્લાં ત્રણ વર્ષથી જળસંચય અભિયાનમાં ૪૨ હજાર લાખ ઘનફૂટ જેટલી જળસંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ વર્ષે સુજલામ્ સુફલામ્ અભિયાનના ચોથા ચરણમાં સમગ્ર રાજ્યમાં ૧૮,૫૮૨ જેટલાં કામો જનભાગીદારીથી હાથ ધરી ૨૦ હજાર લાખ ઘનફૂટ વધારાની જળસંગ્રહ ક્ષમતા ઊભી કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેની વિશદ ભૂમિકા આપી હતી. સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત તળાવો ઊંડાં કરવા, હયાત ચેકડેમના ડિસિલ્ટીંગ અને રિપેરીંગ, હયાત જળાશયોનું ડિસિલ્ટીંગ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, નહેરોની સાફસફાઈ, મરામત-જાળવણી તેમજ નદી, કાંસની સાફસફાઈ દ્વારા નદીઓ પુનઃજીવિત કરી રાજ્યમાં હરિયાળી ક્રાંતિ લાવવાની દિશામાં સરકારના પ્રયત્નો હોવાનું મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું. પાણી એ પારસમણિ છે અને પાણીના દરેક ટીપાનો સુવ્યવસ્થિત અને સુનિયોજિત ઉપયોગ



## રસીકરણના આ મહાઅભિયાનમાં જોડાઇને લોકોને સજાગ કરવા લાગી જવા કાર્યકર્તાઓને આહ્‌વાન કરતા પ્રદેશ પ્રમુખ શ્રી સી આર પાટીલ



કોરોનાએ સમગ્ર દેશ અને દુનિયામાં હાહાકાર મચાવ્યો છે. પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી અને ત્વરિત અસરકારક નિર્ણયોના કારણે મોટી જાનહાનિમાંથી આપણે બચી શક્યા છીએ .વિશ્વના વિકસિત અને સમુદ્ધ દેશોમાં મુત્યુનો દર જોઈએ તો ધ્રૂજી જવાય તેવું છે. દેશમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગુજરાતમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની કોરોનાને ડામવાની કાર્યપદ્ધતિના કારણે કોરોનાને નિયંત્રિત કરી શકયા છીએ એ એક ખૂબ મોટી બાબત છે.મૃત્યુનો ડર હોવા છતાં ભાજપ કાર્યકરો કામે લાગ્યા છે. ભાજપના સંગઠન અને કાર્યકર્તા એક સાથે સતત પ્રયત્નશીલ રહી શરૂઆતના સમયમાં દેશ અને રાજયના તમામ નાગરિકોની પડખે ઊભા રહી ફૂડ પેકેટની વ્યવસ્થા કરવાથી માંડીને હોસ્પિટલમાં દાખલ કરવાના હોય કે, દવાની સગવડ કરવાની હોય કે પછી પરપ્રાંતિયોને પોતાના વતન પહોંચાડવાની કામગીરી હોય સતત લોકો વચ્ચે રહીને લોકોની સેવા કરી છે. મૃત્યુનો ડર હોવા છતાં પણ ભાજપના કાર્યકર્તાઓએ જે સેવાકીય ધૂણી ધખાવી છે તે અભિનંદનને પાત્ર છે.

તેમણે રાજય સરકાર દ્વારા અને ભાજપના સંગઠન અને કાર્યકર્તાઓ દ્વારા કોરોના મહારસીકરણ અભિયાન અંતર્ગત કરેલી કામગીરીની વિગતો આપતાં જણાવ્યું કે, ગુજરાતમાં રસીકરણ માટે ૪૫૦૦ જેટલાં સેન્ટર શરૂ કરવામાં આવ્યાં છે, જેમાં ૨૫૨૩ જેટલાં હેલ્પડેસ્ટ કાર્યરત છે. અને ૧,૮૬,૯૬૭ ભાજપના કાર્યકર્તાઓ સેવામાં છે. ભાજપની પેજ કમિટી અને પેજ પ્રમુખો માત્ર રાજકીય વ્યવસ્થા કે ચૂંટણીલક્ષી કાર્યો માટે જ નહીં પરંતુ સામાજિક વ્યવસ્થામાં ઉપયોગી કાર્યો કરી સમાજજીવન સાથે ઊભા છે.

શ્રી પાટીલે વધુમાં કહ્યું કે, ૩૧ માર્ચ સુધીમાં ગુજરાતમાં ૫૦,૨૪,૪૧૨ નાગરિકોને કોરોના રસીનો પહેલો ડોઝ આપવામાં આવ્યો છે. ૬,૭૫,૭૬૨ નાગરિકોને રસીનો બીજો ડોઝ પણ આપવામાં આવ્યો છે. આમ ૩૧ માર્ચ સુધીમાં ૫૭૦૦૧૭૪ રસીના કુલ ડોઝ આપવામાં આવ્યા છે . રસીકરણના આ મહાઅભિયાનમાં જોડાઈને લોકોના ડરને દૂર કરીને લોકોને સજાગ કરવા લાગી જવા કાર્યકર્તાઓને આહ્‌વાન કર્યું છે.

કરવા રીચાર્જ, રીયુઝ અને રીડ્યુસની નીતિ સાથે રાજયને પાણીદાર બનાવવાના અનેકવિધ પ્રયાસો સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા હોવાનું મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું.


મુખ્યમંત્રીશ્રીએ સહસ્ત્રલીંગ તળાવ, રાણકીવાવ જેવા પુરાતન જળસંચય સ્ત્રોતની વિરાસત જેમ જ વર્તમાન સમયમાં નદી, તળાવો, ચેકડેમ વગેરેની સાફ-સફાઈ, ડિસિલ્ટીંગના કામોથી ઉમંગ ઉત્સાહથી આગળ ધપાવી ચોમાસાના આગમનના સ્વાગત માટે આ જળ અભિયાનમાં સૌ જોડાય તેવી અપીલ પણ આ તકે કરી હતી.

સમગ્ર રાજયમાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના ચોથા ચરણ દરમ્યાન લોકભાગીદારીથી સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગગૃહો, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ રાજય સરકારનાં જાહેર સાહસો વગેરેના સહયોગથી કુલ રૂ. ૪૮,૫૬૪ લાખના ખર્ચે ૧૮,૫૮૨ જળસંચય કામો હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામોને પરિણામે અંદાજે ૨૦ હજાર લાખ ઘનફૂટ જથ્થાની જળસંગ્રહ ક્ષમતામાં વધારો થશે.

સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના આ વર્ષનાં જે ૧૮૫૮૨ કામોનું આયોજન જળસંપત્તિ વિભાગે હાથ ધર્યું છે તેમાં લોકભાગીદારીથી ૬૩૨૩ તળાવો, ચેકડેમ, જળાશયો, ઊંડા ઉતારવા ડિસિલ્ટીંગ કરવાની કામગીરી કરાશે. આ હેતુસર ૬૦ ટકા ખર્ચ રાજય સરકાર અને ૪૦ ટકા સ્વૈચ્છિક સંસ્થા કે દાતાઓ ઉપાડશે.

એટલું જ નહિ, મનરેગા યોજના અંતર્ગત ૬૬૮૧ તળાવો અને ચેકડેમ ઊંડા કરવા તેમજ પરંપરાગત જળસ્ત્રોતોના નવીનીકરણ કામો, માટીપાળા-ખેતતલાવડીનાં કામો થકી અંદાજે ૬૦ લાખ માનવદિન રોજગારી ઉત્પન્ન કરવાનું પણ માઈક્રો પ્લાનીંગ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ૫૫૭૮ કામો



વિભાગીય રીતે હાથ ધરીને ચેકડેમ રિપેરીંગ, નહેરો તથા કાંસની સફાઈ જેવાં કામો પણ સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ઉપરાંત સંબંધિત વિભાગોના પ્રવર્તમાન નિયમો મુજબ હાથ ધરાવાનાં છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ૨૦૧૮ના વર્ષથી રાજ્યમાં શરૂ કરાવેલા આ જળસમૃદ્ધિ અભિયાન સુજલામ્-સુફલામ્ જળ અભિયાન અન્વયે છેલ્લાં ૩ વર્ષમાં રાજ્યભરમાં જળસંગ્રહ સ્રોતની સાફ-સફાઈ અને વૃદ્ધિ કરવાનાં કામોમાં ૧૬,૧૭૦ તળાવો ઊંડા કરવામાં આવ્યાં છે.

એટલું જ નહિ, ૮૧૦૭ ચેકડેમ અને ૪૬૨ જળાશયોના ડિસિલ્ટીંગ, ૨૨૩૯ ચેકડેમના રિપેરીંગ, ૫૬૮ નવાં તળાવોનું નિર્માણ અને ૧૦૭૯ નવા ચેક ડેમ મળીને સમગ્રતયા ૪૧,૪૮૮ કામો કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત ૩૮,૩૨૩ કિ.મી. લંબાઈમાં નહેરોની અને ૫૧૧૩ કિ.મી. લંબાઈમાં કાંસની સફાઈ કરવામાં આવેલી છે. આ બધાં જ કામોની સફળતાને પગલે છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યમાં ૪૨,૦૬૪ લાખ ઘનફૂટ જળસંગ્રહક્ષમતા વધી છે.

સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત થયેલાં આ કામો અને સારા વરસાદને પગલે રાજ્યમાં વિશાળ જળસંગ્રહ થવાથી ભૂગર્ભ જળસ્તર પણ ઊંચા આવ્યાં છે.

મુખ્યમંત્રીશ્રીએ ૨૦૨૦ના વર્ષમાં કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે પણ આ જળસંગ્રહ અભિયાન માટે રાજ્ય સરકારના તંત્રને પ્રોત્સાહિત કરતાં તા.૨૦ એપ્રિલ-૨૦૨૦થી તા.૧૦ જૂન-૨૦૨૦ સુધીના માત્ર ૫૧ દિવસના ટૂંકા ગાળામાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના ત્રીજા તબક્કામાં ૧૧,૦૭૨ કામો લોકભાગીદારીથી અને મનરેગા હેઠળ હાથ ધરી ૩૦ લાખથી વધારે માનવદિન રોજગારી ઉત્પન્ન કરવામાં આવી હતી.

સુજલામ્ સુફલામ્ જળ અભિયાનનાં કામો અંતર્ગત ખોદાણમાંથી મળતી માટીનો વપરાશ આસપાસના પ્રગતિ હેઠળનાં સરકારી કામો, ખેડૂતોના ખેતરમાં તેમજ જાહેર કામોમાં કરવામાં આવે છે અને આ માટીના વપરાશ બદલ કોઈ પણ રોયલ્ટી ખેડૂતોએ ચૂકવવાની રહેતી નથી. આ જળસંચય અભિયાનથી રાજ્યભરમાં પાણીના સંગ્રહમાં વધારો થવાથી ભૂગર્ભ જળસ્તર ઊંચાં આવ્યાં છે તેમજ સ્થાનિક કક્ષાએ ઘરવપરાશ, ઢોર-ઢાંખરને પીવાના પાણીની સમસ્યાનો હલ થયો છે. આ ઉપરાંત ભૂગર્ભ જળસ્તર ભંડાર સમૃદ્ધ થવાથી ખેત ઉત્પાદનમાં વધારો અને પર્યાવરણમાં પણ સુધારો થયો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના પ્રેરણાત્મક માર્ગદર્શનથી શરૂ થયેલા આ અભિયાનનાં કામોની રાષ્ટ્રીય સ્તરે નોંધ લઈ ગુજરાતના આ અભિનવ પ્રયોગને બિરદાવવામાં આવ્યો છે.


•

## સુપ્રસિદ્ધ તીર્થ ચામુંડા ધામ ચોટીલામાં બનશે રોપ-વે

### આદ્ય શક્તિપીઠ અંબાજી-મહાકાળી ધામ પાવાગઢ અને એશિયાના સૌથી મોટા રોપ-વે ગિરનાર રોપ-વે બાદ હવે ગુજરાતમાં બનશે વધુ એક રોપ-વે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલામાં પર્વતની ટોચે બિરાજતા ચામુંડા માતાનાં દર્શને હવે ઝડપથી પહોંચી શકાય તેવી યાત્રીસુવિધા માટે ચોટીલામાં રોપ-વે સેવા શરૂ કરવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં આવેલાં પવિત્ર યાત્રાધામોમાં આવતા શ્રદ્ધાળુ-યાત્રિકોની સુવિધા માટે રાજ્ય સરકારે યાત્રી સુખાકારીનાં અનેક આયોજનબદ્ધ કામો ઉપાડ્યાં છે. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે હાલ આદ્યશક્તિ પીઠ અંબાજી, મહાકાળી ધામ પાવાગઢમાં દર્શનાર્થીઓ માટે રોપ-વે સફળતાપૂર્વક કાર્યરત છે. તાજેતરમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એશિયાના સૌથી મોટા રોપ-વે ગિરનાર રોપ-વે ની સેવાઓ પણ લોકાર્પણ કરી છે. આ ત્રણેય રોપ-વે સેવાઓને યાત્રિકો-પ્રવાસીઓના મળી રહેલા અપ્રતિમ પ્રતિસાદને પગલે હવે રાજ્યમાં ચામુંડા ધામ ચોટીલા ખાતે પણ રોપ-વે સેવા શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

ચોટીલામાં રોપ-વે શરૂ કરવાના રાજ્ય સરકારના આ નિર્ણયને પરિણામે હવે, ચામુંડા માતાજીના દર્શનાર્થે આવતા વરિષ્ઠ વડીલો, વૃદ્ધો, બાળકો કે જરૂરતમંદ યાત્રિકોને રોપ-વે દ્વારા ચોટીલા પર્વતની ટોચે માતાજીના દર્શને પહોંચવામાં સરળતા થશે. એટલું જ નહિ, સમય અને શ્રમ પણ બચશે. આ રોપ-વે સેવા શરૂ થવાથી ચોટીલા યાત્રાધામની તળેટી સહિતના આસપાસના વિસ્તારોમાં વધુ પ્રમાણમાં યાત્રિકો-પર્યટકો આવતા થશે અને સ્થાનિક કક્ષાએ રોજગારી તેમજ આર્થિક ગતિવિધિને પણ નવું બળ મળશે.



## ગુજરાત વિધાનસભા કાર્યવાહી



# ભાજપના શાસનકાળમાં રાજ્યનું દેવું આશરે ૬ ટકા જેટલું ઘટ્યું છે અને રાજ્યના નાગરિકોની માથાદીઠ આવક રૂ. ૨,૪૬,૩૨૯ જેટલી થઈ છે, જે કૉંગ્રેસકાળમાં માત્ર રૂ. ૩૬૨ની હતી



રાજયના નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે વિધાનસભા ગૃહમાં બહુ સ્પષ્ટતાથી જણાવ્યું હતું કે, રજૂ કરવામાં આવેલું રૂ. ૨,૨૭,૦૨૯ કરોડનું વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષનું રાજયનું સામાન્ય બજેટ રાજયની જનતાના સર્વાંગીણ વિકાસને પોષતું બજેટ છે. ગુજરાતના ઈતિહાસમાં ક્યારેય ન રજૂ થયું હોય તેવું સૌથી મોટા કદનું આ બજેટ, ગત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ કરતાં રૂ. ૯૭૪૨ કરોડ જેટલું વધુ છે.


શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકારે હંમેશાં લોકોના સાર્વત્રિક અને સર્વાંગીણ વિકાસની ચિંતા કરી છે. આ માટે અમારી સરકારે ખેડૂતો માટે વિવિધલક્ષી યોજનાઓ, માછીમારી કરતા ભાઈઓ માટે 'સાગરખેડુ' યોજના, આદિજાતિ કલ્યાણ માટે 'વનબંધુ વિકાસ યોજના' સહિતની સંખ્યાબંધ યોજનાઓ અમલમાં મૂકવાની સાથે-સાથે ખાસ કરીને ગુજરાતનો ખેડૂત સમૃદ્ધ થાય તે માટેના ભરપૂર પ્રયાસો કર્યા છે.

એક સમય હતો જયારે ગુજરાતના 'ખેતીવાડી ઉત્પન્ન બજારો'માં કાગડા ઊડતા હતા, અમારી સરકારે ખેડૂતોને નર્મદા અને 'સૌની યોજના', 'સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાન' દ્વારા અઢળક સિંચાઈ, ખેડૂતોને સસ્તા દરે વીજળી, વડાપ્રધાન મોદીએ લાગુ કરેલી 'ખેડૂત સન્માન નિધિ યોજના' તેમજ ખેડૂતોને ઉપલબ્ધ શૂન્ય ટકાના દરે લોન મારફત જે ખેડૂત ઉત્થાનના પ્રયાસો કર્યા છે, તેનાથી આજે રાજયના 'ખેતીવાડી ઉત્પન્ન બજારો' ઘઉં-રાયડો-એરંડા-કપાસ-મગફળી-ચણા-ડાંગર અને અન્ય તેલીબિયાંના પાકોથી ઊભરાઈ રહ્યાં છે.

તેમણે ઉમેર્યું હતું કે, અગાઉ મધ્ય-દક્ષિણ અને સૌરાષ્ટ્રના કેટલાક હિસ્સામાં કેળાં-કેરી-મોસંબી અને અન્ય કેટલાક ફળફળાદિના પાકો થતા હતા. આજે સિંચાઈ અને અન્ય આનુષંગિક ઉપલબ્ધતાને લીધે ગુજરાતનો ખેડૂત તમામ પ્રકારના ફળફળાદિ પાકોનું માત્ર ઉત્પાદન કરતો નથી, પરંતુ તેની ભરચક નિકાસ કરે છે. આ માટે હું ગુજરાતના મહેનતુ ખેડૂતો, ખેતમજૂરો, કૃષિ વૈજ્ઞાનિકો, સંશોધકો અને અમારી કૃષિ યુનિવર્સિટીઓને અભિનંદન પાઠવું છું. મને કહેતાં વિશેષ ગૌરવની અનુભૂતિ થાય છે કે, ગત વર્ષે રાજયમાં રૂ.૧,૭૩,૦૦૦ કરોડનું જંગી કૃષિ ઉત્પાદન થયું હતું.

ગુજરાતના ખેડૂતોની સમૃદ્ધિ નર્મદા યોજનાને આભારી હોવાનું જણાવતાં શ્રી પટેલે કહ્યું કે, ૧૯૬૦માં શરૂ થયેલી અને ત્યારબાદની સરકારોના કારણે વર્ષો સુધી ખોરંભે પડેલી 'નર્મદા યોજના'નાં દ્વાર વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના હસ્તે ખૂલ્યાં. આ નદી ઉપરના સરદાર સરોવર બંધને પૂરતી ઊંચાઈ મળી, ભવ્ય નહેરોનું નિર્માણ થયું અને આશરે ૧૮ લાખ હેક્ટર જમીન સુધી નર્મદા યોજના થકી સિંચાઈનું પાણી પહોંચતું કરવામાં અમારી સરકારો સફળ રહી છે.

તેમણે જણાવ્યું હતું કે, ભારત ગામડાંમાં વસે છે - આપણા પાયામાં ગામડું છે, ખેતી અને પશુપાલન છે. યાદ રહે નર્મદા યોજના, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળની 'સૌની યોજના', સુજલામ્ સુફલામ્ જળસંચય યોજના, ચેકડેમો અને ખેત-તલાવડીના પુનઃજીવન તથા ડેમો-તળાવો મારફત સિંચાઈ અને જળસંચય મારફત આપણા મહેનતુ ખેડૂતો અને ખાસ કરીને બહેનોએ પશુપાલન દ્વારા રાજયમાં મબલખ દૂધ



ઉત્પાદન કરી બતાવ્યું છે.

સહકારી મંડળીઓ મારફત દૂધના વેચાણ દ્વારા આપણી બહેનો લાખો કમાતી થઈ છે. એટલું જ નહિ, દૂધનું પણ વેલ્યુ એડિશન થતાં તેમાંથી આઈસ્ક્રીમ - ચોકલેટ - માખણ - મીઠાઈઓ સહિતની સંખ્યાબંધ ચીજવસ્તુઓ દેશદેશાવરમાં મળતી થઈ છે. ગુજરાત સરકારે દૂધના પાવડરમાં સબસિડી આપવાનું શરૂ કરતાં તેનું અનુસરણ અન્ય રાજ્યોએ પણ કરવું પડ્યું અને આપણા રાજ્યના ખેડૂતોની સાથે દેશના અન્ય રાજ્યના ખેડૂતો પણ લાભાન્વિત થયા.

ગુજરાતની આશરે ૪ કરોડની જનતાને પીવાનું, સિંચાઈનું પાણી તથા લાખોની સંખ્યામાં પશુધનને પાણી પહોંચતું કરી - ગુજરાતની આ મહત્ત્વાકાંક્ષી 'નર્મદા યોજના' માટે સરકારે રૂ. ૬૫,૦૦૦ કરોડનો ખર્ચ કરવો પડ્યો છે. જોકે, રાજ્યની પ્રજાના વિકાસ માટે 'દેવું' કરીને પણ ખર્ચ કરવો પડે, તોપણ એ અમને માન્ય છે.

શ્રી નીતિનભાઈ પટેલે વિપક્ષી નેતાઓ દ્વારા ગુજરાતના વધી રહેલાં 'દેવાં' સંદર્ભે સણસણતો પ્રત્યુત્તર પાઠવતાં જણાવ્યું હતું કે, દુનિયાનો ભાગ્યે જ કોઈ દેશ એવો હશે જેને ક્યારેક-કોઈક પાસેથી એક-યા-બીજી રીતે દેવું લીધું કે કર્યું ન હોય ! 'દેવું' એ એક પરંપરા છે.

આપણે પણ વર્ષોથી લોન મારફત દેવું લઈએ છીએ. ભાજપશાસિત સરકારો ઉપર દેવું વધ્યાનો આક્ષેપ ધરાતલથી નકારી કાઢતાં શ્રી પટેલે આંકડાઓ સાથે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૮૭-૮૮માં રાજ્યના નાગરિકોની માથાદીઠ આવકની સરખામણીમાં રાજ્યનું દેવું રૂ. ૩૬૭૯ કરોડ, ૧૯૮૮-૮૯માં રૂ. ૪૧૬૧ કરોડ, વર્ષ ૧૯૯૦-૯૧માં રૂ. ૪૧૯૪ કરોડ, વર્ષ ૧૯૯૧-૯૨માં રૂ. ૫૯૦૦ કરોડ જ્યારે વર્ષ ૧૯૯૨-૯૩માં રૂ. ૬૯૨૦ કરોડનું હતું. વર્ષ ૧૯૯૨-૯૩માં જે દેવું હતું તે દેવાની ટકાવારી કુલ માથાદીઠ આવકની સરખામણીએ જોવા જઈએ તો ૨૨.૫૯ % જેટલું થવા જાય છે.

કોંગ્રેસશાસિત આ સરકારોની સાપેક્ષમાં જ્યારથી ભાજપનું રાજ્યમાં શાસન આવ્યું છે ત્યારથી જોઈએ તો આજ દિન સુધીમાં અને વર્ષ ૨૦૧૯-૨૦માં અમારી સરકારનું દેવું ઘટીને ૧૬.૧૯ % જેટલું થવા જાય છે. જે દર્શાવે છે કે, અમારા શાસનકાળમાં રાજ્યનું દેવું ઉત્તરોત્તર ઘટી રહ્યું છે. વર્ષ ૧૯૯૫-૯૬માં અમારા પ્રથમ બજેટનું કદ રૂ. ૧૦,૭૮૨ કરોડનું હતું, જે આ વર્ષે ૨૦૨૧-૨૨માં રૂ. ૨,૨૭,૦૨૯ કરોડનું થયું છે. યાદ રહે, વર્ષ ૧૯૬૦-૬૧માં ગુજરાત રાજ્યની 'ગ્રોસ સ્ટેટ ડૉમેસ્ટિક પ્રોડક્ટ' (જીએસડીપી)થી આવક રૂ. ૭૩૮ કરોડની હતી અને માથાદીઠ આવક માત્ર રૂ. ૩૬૨ની હતી, જે વર્ષ ૨૦૧૯-૨૦માં જીએસડીપીથી રૂ. ૧૬,૪૯,૫૦૫ કરોડ થઈ છે અને માથાદીઠ આવક રૂ. ૨,૧૬,૩૨૯ ઉપર પહોંચી છે, જે રાજ્યના વિકાસની દ્યોતક છે.


આ પરિસ્થિતિમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળની અમારી આ સંવેદનશીલ સરકારે 'દેવું' નહિ કિન્તુ લોકકલ્યાણનાં કાર્યો ચોક્કસ 'વિઝન' કેળવીને કર્યાં છે, તેનો કોંગ્રેસે સ્વીકાર કરવો જ રહ્યો.

ખાસ કરીને, કોરોનાની કપરી પરિસ્થિતિમાં ખાનગી-ટ્રસ્ટ સંચાલિત કે સરકારી હોસ્પિટલોના માધ્યમથી આશરે રૂ. ૧૮૦૦ કરોડનો ખર્ચ કરીને રાજ્યના પ્રત્યેક નાગરિકની સેવા-શુશ્રૂષાનું જીવદયારૂપ કાર્ય અમારી સરકારે કર્યું છે, તેમ શ્રી પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું. અમારી સરકારના મંત્રીઓ-પદાધિકારીઓ-અધિકારીઓ અને લગભગ તમામ સરકારી કર્મચારીઓએ પછી તે પોલીસ-આરોગ્યકર્મી-મહેસૂલ-અન્ન પુરવઠા કે અન્ય વિભાગનો હોય, તમામે ૧૮-૧૮ કલાક કામ કરીને કોરોનાકાળમાં રાજ્યની જનતા માટે ખડેપગે ફરજ નિભાવી છે. આ કામગીરીમાં વિપક્ષી સભ્યોએ પણ 'જાગતા રહેવું અને જાગતા રાખવા'ના ન્યાયે અમારું જ્યાં જરૂર જણાય ધ્યાન દોર્યું હતું, આ માટે તેમનો પણ આભાર માનવો ઘટે.

શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'ઘાસની ગંજીમાંથી સોય શોધવી પડે' તે ન્યાયે હવે રાજ્યનો ભાગ્યે જ કોઈ ખૂણો રહ્યો હશે જે વિકાસનાં કાર્યોથી વંચિત રહી ગયો હોય !

શ્રી નીતિનભાઈ પટેલે ઉમર્યું હતું કે, વિપક્ષી અને શાસકપક્ષના ધારાસભ્યોએ કરેલાં કીમતી સૂચનોને મેં તથા અમારા અધિકારીગણે ગંભીરતાથી નોંધ્યાં છે અને તદ્અનુસાર તમામની વાજબી માંગણીઓને સંતોષવાનો સરકાર ચોક્કસ પ્રયાસ કરશે.

•




# ચીન અને પાકિસ્તાનનાં વર્તમાન વલણોને ધ્યાનમાં રાખતાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની બાંગ્લાદેશની બહુઆયામી મુલાકાત

બાંગલાદેશની આઝાદીનાં ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસર પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની યાત્રા બંને દેશો માટે ઐતિહાસિક તેમજ સભ્યતાગત સંબંધોને મીઠાશથી ભરી દીધા છે. તેમની આ યાત્રા ભારત-બાંગલાદેશના રાજનૈતિક સંબંધોના ૫૦ વર્ષ પૂરાં થવામાં ઐતિહાસિક મહત્ત્વ રાખે છે.

આંતરિક તેમજ બહારના બધા જ પડકાર અને જટિલ સમસ્યાઓ હોવા છતાં ભારતે તેમના પાડોશી દેશો સાથે સતત સંપર્ક, સંવાદ, સંબંધ તેમજ મૈત્રીપૂર્ણ સહયોગ માટે પ્રતિબદ્ધ રહ્યું છે. પાડોશી સૌથી પહેલાં તેમજ વસુધૈવ કુટુમ્બકમ્‌ની ધારણાને સાચા અર્થોમાં આપણો દેશ જ જીવતો આવ્યો છે. બંને દેશો વચ્ચે ૫ મહત્ત્વપૂર્ણ સમાધાન પર સહમતી બની છે, જે સંપર્ક, ઉદ્યોગ, વેપાર, સ્વાસ્થ્ય અને વિકાસના સંદર્ભથી ખૂબ જ મહત્ત્વનું છે.


ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સ્થિતિસ્થાપકતા તેમજ ઉપશમન, બાંગ્લાદેશ નેશનલ કેડેટ કોર ઉપરાંત બાંગ્લાદેશના રાજશાહી વિસ્તાર અને તેની આસપાસના વિસ્તારમાં રમત ક્ષેત્રનો વિકાસ થવાથી આ બધા સમાધાન બંને દેશોની વચ્ચે વિકાસની ગતિ વધારી દેશે. તદ્‌ઉપરાંત મિતાલી એક્સપ્રેસ પેસેન્જર ટ્રેન જે ઢાકાથી ન્યૂ જલ્પાઈગુડી સુધી ચાલવાથી બંને દેશોના સામાજિક અને સાંસ્કૃતિક સંબંધો મજબૂત થશે. બાંગલાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના દ્વારા કોરોના મહામારીથી બચવા માટે ભારત દ્વારા વેકસિન આપવા માટે આભાર વ્યક્ત કરવો તેમજ ભારતને તેમનો સાચો મિત્ર દેશ તરીકે વખાણવું દર્શાવે છે કે બંને દેશો સંબંધો જીવિત રાખવા માટે કેટલા સંવેદનશીલ છે.



**બાંગ્લાદેશમાં કાલી માતાની પૂજાઅર્ચના**

**બાંગ્લાદેશની બે દિવસની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી મા દુર્ગાની ૫૧ શક્તિપીઠોમાંની એક સતખીરા જિલ્લાના ઈશ્વરપુર સ્થિત એવા પ્રાચીન જેશોરેશ્વરી કાલી મંદિરમાં  મા કાલીની પૂજા-અર્ચના કરી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી મુલાકાત લેવાના હોવાના કારણે ૧૯૭૧માં બાંગ્લાદેશની સ્વતંત્રતાના સમય દરમિયાન જર્જરિત થયેલા આ મંદિરનો પણ જીર્ણોદ્ધાર થયો, સાથે સાથે ઑરાકાંડી સ્થિત મતુઆ ગુરુ હરિશ્ચંદ્ર ઠાકુર તથા ગરુચંદ્ર ઠાકુરના જન્મસ્થાન એવા મતુઆ મંદિરમાં પણ પ્રાર્થના કરી તથા મતુઆ સંપ્રદાયના લોકોને સંબોધન કરતાં કહ્યું કે ઑરાકાંડીમાં ભારત સરકાર દીકરી માટેની શાળાને અપગ્રેડ કરશે તથા ભારત સરકાર એક પ્રાથમિક સ્કૂલની સ્થાપના કરશે. આ ભારતના કરોડો લોકો તરફથી હરિશ્ચંદ્ર ઠાકુરજીને સાચી શ્રદ્ધાંજલિ હશે.**

• પ્રેરક શાહ






કોરોનાકાળમાં ભારતએ પાડોશી દેશો સાથે સાથે દુનિયાના અનેક દેશો માટે ભરોસેમંદ સાથી બનીને આગળ આવ્યું છે. ભારત દેશમાં અન્ય દેશોને કાવિડ વેકસિન આપીને મિત્રતા તેમજ ઉદારતાનો પરિચય આપ્યો છે.

પાછલાં કેટલાંક વર્ષોમાં બંને દેશો વચ્ચે કેટલાંક મહત્ત્વપૂર્ણ સમાધાન થયાં છે જેનાથી બંને દેશોની વ્યાપારી ભાગીદારીએ નવી ઊંચાઈઓ સર કરી છે. અગાઉ થયેલાં સમાધાન મુજબ ભારત દેશે બાંગલાદેશ માટે આપણી તરફથી તેમના માટે વિશાળ સ્તર પર બજાર ખોલીને આર્થિક રૂપે ફાયદો કરાવી રહ્યું છે ત્યાં જ બાંગલાદેશ પણ ભારતની સંભવ મદદ કરી રહ્યું છે. બંને દેશની સીમા લગભગ ૪૦૯૬ કિલોમીટર લાંબી અને ૫૪ નદીઓનાં પાણી વહે છે. તેમ છતાં પણ બંને દેશોના પારસ્પરિક સંબંધો ક્યારે પણ ચિંતાપૂર્વક રહ્યા નથી. ઊલટું ફની નદી પર બનેલા મૈત્રી સેતુથી તથા ૨૬ જાન્યુઆરીએ નવી દિલ્લીમાં રાજપથ પર બાંગ્લાદેશની સૈન્ય ટુકડીને પરેડમાં હિસ્સો આપવાથી બંને દેશોમાં નવી દિશા અને ઊર્જાની ગતિ મળી છે. ત્રિપુરાના દક્ષિણ ભાગમાં સબરુમ અને બાંગ્લાદેશના રામગઢને જોડનાર ૧.૯ કિલોમીટર લાંબો સેતુ બંને દેશો માટે મહત્ત્વનો સાબિત થયો છે. ઉલ્લેખનીય છે કે જયાં ભારત બાંગલાદેશથી કાગળ, તૈયાર કપડાં, દોરા, મીઠું અને માછલી જેવી વસ્તુઓની આયાત કરે છે, ત્યાં જ ડુંગળી, સૂતર, કપાસ, પૅજ, આયરન, મશીનો માટે રોજબરોજની વસ્તુઓની નિકાસ પણ કરે છે.

આ વખતે પણ બંને દેશોએ આતંકવાદ અને ઘૂસણપેઠને રોકવા માટે તેમના જૂના સંકલ્પો પર સહમતી આપી છે. પાછલા વર્ષે બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાની ભારત યાત્રા દરમ્યાન બંને દેશોએ એન.આર.સી. રોહીંગ્યા સમસ્યા અને તિસ્તા નદીની પાણી જેવા સળગતા મુદ્દા પર ગંભીર ચર્ચા-વિચારણા કરી હતી અને સહમતીથી નિવારણ લાવવાની સમજૂતી આપી હતી. એન.આર.સી.ના મુદ્દા પર ભારતએ સ્પષ્ટ કીધું છે કે એ પ્રક્રિયા કાનૂની હેઠળ તેમજ અદાલતના નિર્દેશ હેઠળ ચાલી રહી છે જે ભારતનો આંતરિક મુદ્દો છે. બંને દેશો વચ્ચે કેટલો મધુર સંબંધ છે એ આનાથી જ સમજી શકાય કે બંને દેશોએ સાર્કને છોડીને બિમસ્ટેક દેશોની મજબૂતી માટે સહમતી બતાવી છે દક્ષિણ એશિયામાં પાકિસ્તાનની ભૂમિકા સીમિત કરવા માટે મોટો સંકલ્પ છે. આ રણનીતિ મુજબ ભારતએ બાંગ્લાદેશના તટીય વિસ્તારની સુરક્ષા પ્રદાન કરવાના હેતુ અનુસાર બંગાળની ખાડીથી લઈને આપણા પૂર્વ તટીય વિસ્તારની સુરક્ષા માટે રોડનો નકશો તૈયાર કર્યો છે જેનાથી ચીન જેવા દેશોની ગતિવિધિઓ પર પણ નજર રાખવામાં મદદ મળી રહી છે. તિસ્તા નદીના પાણીની સમસ્યાને ધ્યાનમાં લેતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ફરી આશ્વાસન આપ્યું છે કે આપણી સરકાર આ સમસ્યા પર બધા પક્ષો જોડે મળીને નિવારણ લાવી રહ્યાના પ્રયત્નો કરી રહી છે. બંને દેશો માટે સારી વાત એ છે કે બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક ભાષીય સંબંધો મજબૂત થયા છે તેમજ બંને દેશોના નાગરિકો વચ્ચેનો સંબંધ ઉચ્ચ સ્તર પર આગળ વધ્યો છે. શિક્ષણ, વિજ્ઞાન તેમજ તકનીકી સહયોગ ઉપરાંત વેપાર કારોબારમાં પણ સારી એવી વૃદ્ધિ જોવા મળી રહી છે. ધ્યાનમાં રાખવા જેવી બાબત એ પણ



**બાંગ્લાદેશ જયારે બન્યું ન હતું ત્યારે તે પૂર્વ પાકિસ્તાનથી ઓળખાતું હતું અને ભારત માટે પૂર્વ તથા પશ્ચિમ પાકિસ્તાનની સરહદએ કાયમ માટે ચિંતાનો વિષય હતો તથા પાકિસ્તાનની સેના દ્વારા જે રીતે પૂર્વ પાકિસ્તાનના લોકો ઉપર બર્બરતાપૂર્વક અમાનુષી અત્યાચાર ગુજારાતો હતો જેથી પૂર્વ પાકિસ્તાનના લોકો ભારતમાં શરણ લેવા લાખોની સંખ્યામાં આવતા હતા. આવા સમયે ભારતીય જનસંઘ દ્વારા દીર્ઘદષ્ટિ વાપરીને લાંબા ગાળાના ભારત દેશના હિત માટે પૂર્વ પાકિસ્તાન એટલે કે આજનું બાંગ્લાદેશ તેને સ્વતંત્ર કરવું જોઈએ એ વિચાર સાથે અટલજી તથા અડવાણીજીના નેતૃત્વમાં ધરણાં પ્રદર્શન કર્યાં હતાં. જેમાં એક કાર્યકર્તા-સ્વયંસેવક તરીકે નરેન્દ્રભાઈ મોદીએ ભાગ લીધો હતો ત્યારે ૬૦૦ જેટલા જનસંઘના કાર્યકર્તાની ધરપકડ થઈ હતી તેમાં યુવાન નરેન્દ્રભાઈ મોદીનો પણ સમાવેશ થયો હતો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીથી ૧/૮/૨૦૧૫ ના રોજ વર્ષોથી ચાલ્યો આવતો સરહદી વિવાદ દૂર કરી બાંગ્લાદેશ અને ભારત વચ્ચે ગામડાની અદલા-બદલી કરી હજારો લોકોનું જીવનધોરણ ઊંચું આવે તથા બે રાષ્ટ્રો વચ્ચેના કાયમી પ્રશ્નનો ઉકેલ લાવ્યો હતો.**

છે કે બાંગ્લાદેશએ દક્ષિણ એશિયામાં ભારતની સાથે સૌથી વધારે વેપાર કરતો સહયોગી દેશ છે. બાંગ્લાદેશમાં આપણો વેપાર વ્યાપક સ્તર પર થાય છે. ક્ષેત્ર જેવા કે ટેક્સટાઈલ્સ , ઉદ્યોગ નિર્માણ, રસાયણ, પેઈન્ટ, ફાર્માસ્યુટિકલ, હોસ્પિટલ, યાત્રા-પ્રવાસ, બેંક, આઈ ટી, આયુર્વેદિક ઉત્પાદન ક્ષેત્ર, ઑટોમોબાઈલ, તથા સફેદ સિમેન્ટ. ભારતની કેટલીય કંપની ત્યાં કાર્યરત છે. ભારત-મ્યાનમાર અને બાંગ્લાદેશ વચ્ચે યાંગૂનમાં ત્રિપક્ષીય બેઠક થઈ હતી જેમાં બાંગ્લાદેશથી થઈને પાઈપલાઈન દ્વારા તટીય ક્ષેત્રના કુદરતી ગેસને ભારતમાં લાવવા પર ચર્ચા-વિચારણા કરી હતી જેના પર મંજૂરી થઈ ગઈ છે. આ બંને દેશોના સંબંધનું જીવતું ઉદાહરણ એ છે કે ભારત દેશ પોતાના પાડોશી દેશને ગમે તે કિંમત પર મદદ કરવા ઈચ્છે છે. જે બંને દેશોના વેપાર તેમજ કારોબારી ગતિવિધિઓમાં વૃદ્ધિ કરી છે. બાંગ્લાદેશમાં આયાતમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આજે બાંગ્લાદેશમાં ભારતની સૌથી ગતિશીલ મંડીઓમાંથી એક મંડી બની ચૂકી છે.

ભારતમાં બાંગ્લાદેશનાં કેટલાંક ક્ષેત્રો માટેની વસ્તુઓની આયાત પર ભાવમાં રાહત પણ આપી છે. બંને દેશો વચ્ચે શીતયુદ્ધોત્તર યુગમાં એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં સહયોગનો પ્રભાવ સકારાત્મક રહ્યો છે. હવે બંને દેશો એ જ ઈચ્છે છે કે આ સકારાત્મક પ્રભાવનો લાભ લઈને દ્વિપક્ષીય, ક્ષેત્રીય તેમજ પરસ્પર શાંતિ જાળવીને તેમના ઉત્તરદાયિત્વથી ઝડપી તકે બધા વિવાદિત મુદ્દાનો ઉકેલ લાવે, અત્યારે બંને દેશો વચ્ચે વેપાર સંતુલન ભારતના પક્ષમાં છે. પ્રધાનમંત્રી મોદીની મુલાકાતથી બંને દેશોના સામાજિક-સાંસ્કૃતિક-ધાર્મિક સંબંધો વધુ ગાઢ બનશે, પ્રધાનમંત્રીની આ યાત્રાથી બંને દેશોના સંબંધોમાં સુધાર થશે તેમજ બહુવિધ હિતોને વેગ મળશે, સીમાની આરપાર લોકતાંત્રિક મૂલ્યોને મજબૂતી મળશે, કળા, ભાષા, સંસ્કૃતિના પાયા પર ભાગીદારી વધશે, સીમા પર થતા આતંકવાદની ગતિવિધિઓ નાશ પામશે, શાંત, સ્થિર, અપરાધમુક્ત સીમા પ્રબંધને બળ મળશે. સીમા પર રક્ષા કરતાં સૈન્યોની રક્ષા થશે, જાન-માલની રક્ષા કરી શકાશે, અને છેલ્લે બંને દેશના હિત માટે પણ આ ભાગીદારી મહત્ત્વની છે. ગયા વર્ષે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બાંગ્લાદેશની જનતાની ખુશહાલી અને સમૃદ્ધિ માટે ૫ લાખ અરબ ડોલરની મદદ કરી હતી જે પ્રમાણિત કરે છે કે ભારતમાં બાંગ્લાદેશના વિકાસમાં સાર્થક ભૂમિકા ભજવી રહ્યું છે. ભારતની આ મદદથી બાંગ્લાદેશ આર્થિક રીતે અને તેમજ પરિયોજનાઓને મજબૂતી મળી છે અને વિકાસની ગતિ ઝડપી વધી છે. આ સંદર્ભમાં આપણા વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું હતું કે ભારત-બાંગલાદેશના સંબંધ ખાલી સામાજિક દષ્ટિકોણથી મજબૂત નથી થયા પણ એનાથી પણ આગળ વધ્યા છે. જે દક્ષિણ એશિયા જ નહિ પણ આખા ઈન્ડો પેસિફિક ક્ષેત્રમાં બંને દેશો સારા ભાગીદાર બની ચૂક્યા છે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની છેલ્લી બાંગલાદેશ યાત્રાએ બંને દેશો વચ્ચેના સંબંધોને એક નવી તાજગી અને નવી ઊર્જાથી સરભર કર દીધી છે.

•

# ૧૪ એપ્રિલ
# ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતી

| | કોંગ્રેસે કરી અવગણના અને અપમાન | ભાજપે કર્યું ગૌરવ અને સન્માન |
|---|---|---|
| ૧ | સંસદના સેન્ટ્રલ હોલમાં પૂરા કદનું તૈલચિત્ર મૂકવાની માંગનો ધરાર અસ્વીકાર કર્યો. | ભાજપની ભાગીદારીવાળી શ્રી વી.પી.સિંહ સરકાર પાસે શ્રી અટલ બિહારી બાજપાઈના પ્રયત્નોથી ૧૯૯૧માં સેન્ટ્રલ હોલમાં તૈલચિત્ર મુકાવ્યું. |
| ૨ | કોંગ્રેસે ભારત રત્ન એવોર્ડ માટે ડૉ.બાબાસાહેબને ક્યારેય લાયક ન ગણ્યા. | ભાજપની ભાગીદારીવાળી સરકારમાં ૧૯૯૧માં મરણોત્તર ભારતરત્ન શ્રી વી.પી. સિંહની સરકારમાં એનાયત થયો. |
| ૩ | આઝાદી બાદ ૧૯૫૨ની પ્રથમ લોકસભામાં ચૂંટણીમાં કોંગ્રેસે ડૉ.આંબેડકરજીને હરાવ્યા. | જનસંઘના સ્થાપક ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીએ પશ્ચિમ બંગાળમાંથી સમર્થન આપી રાજ્યસભામાં મોકલ્યા. |
| ૪ | કોંગ્રેસે સત્તા ટકાવી રાખવા ૮૬ વખત બંધારણમાં છેડછાડ કરી. | જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બંધારણને હાથીની અંબાડી ઉપર સ્થાપિત કરી ૬ કિ.મી.ની પદયાત્રા કરી સર્વોચ્ચ સન્માન આપ્યું. |
| ૫ | કોંગ્રેસે ડૉ.આંબેડકરજીના જન્મસ્થળ મહુને સ્મારક તરીકે વિકસાવવા હંમેશા દુર્લક્ષ જ સેવ્યું. | ભાજપે ૧૯૯૧માં શ્રી સુંદરલાલ પટવા સરકાર દ્વારા મહુ ખાતે ભવ્ય 'જન્મભૂમિ સ્મારક' બનાવ્યું. |
| ૬ | કોંગ્રેસે નાગપુર ખાતે તા.૧૪-૧૦-૧૯૫૬ના રોજ બૌધ્ધ દિક્ષા લીધેલ પવિત્ર સ્થાનની હંમેશા ઉપેક્ષા કરી. | ભાજપે ૧૯૯૬માં શ્રી નિતીન ગડકરીજીના નેતૃત્વમાં પવિત્ર 'દિક્ષા ભૂમિ સ્મારક' નું નિર્માણ કરાવ્યું. |
| ૭ | કોંગ્રેસે મુંબઈ દાદર ખાતે ડૉ.આંબેડકરજીના અંતિમ સંસ્કાર કરેલ સ્થાનને સામાન્ય સ્મશાન ગણી અવગણના કરી. | શ્રી નિતીન ગડકરીજીના અથાગ પ્રયત્નોથી ભાજપે ૧૯૯૬માં 'ચૈત્ય ભૂમિ' સ્મારક તરીકે વિકાસ કર્યો. |
| ૮ | 'ચૈત્ય ભૂમિ'ના વિકાસ માટે ઈન્દુ મિલની જમીનની ફાઈલ ૧૦ વર્ષ સુધી યુ.પી.એ. સરકારે ટલ્લે ચડાવી રાખી. | જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સત્તામાં આવીને તુરંત ઈન્દુ મિલની આશરે રૂ. ૧૦૦૦ કરોડની જમીન 'ચૈત્ય ભૂમિ સ્મારક' માટે મંજુર કરી. |
| ૯ | ડૉ.આંબેડકરજીને કાયદા મંત્રી તરીકે મળેલા નિવાસસ્થાન ૧૫ જનપથને કોંગ્રેસે તેના નેતાઓને રહેવા માટે આપી દીધા હતા. | શ્રી મોદીજીએ રૂા. ૨૦૦ કરોડના ખર્ચે તા. ૨૦ જૂન ૨૦૧૫ના રોજ ડૉ.આંબેડકર ઈન્ટરનેશનલ સ્ટડી એન્ડ રીસર્ચ સેન્ટર તરીકે સમર્પિત કર્યું. |
| ૧૦ | ડૉ.બાબાસાહેબે ૨૬, અલીપુર રોડ પરના ભાડાના મકાનમાં અંતિમ શ્વાસ લીધેલ. તે સ્થાનને સરકાર હસ્તક કરવા કોંગ્રેસે ક્યારેય દરકાર ન કરી. | તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઈએ ૨૦૦૨માં રૂા. ૧૬ કરોડ ચુકવીને ખાનગી મકાન ખરીદીને રાષ્ટ્રને સમર્પિત કર્યું. |
| ૧૧ | ૨૦૦૪ થી ૨૦૧૪ - ૧૦ વર્ષ કોંગ્રેસ પ્રેરિત યુપીએ શાસનમાં ૨૬, અલીપુર રોડ પરનું મકાન ખંડેર બનીને પડી રહ્યું. | ભારતીય જનતા પાર્ટીએ સત્તામાં આવતાની સાથે જ રૂા. ૧૦૦ કરોડના ખર્ચે વર્ષ ૨૦૧૬માં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે 'ડૉ.આંબેડકર મેમોરીયલ નિર્વાણ ભૂમિ'નું શિલાન્યાસ કરી રાષ્ટ્રને સમર્પિત કર્યું. |
| ૧૨ | કોંગ્રેસ સરકારોની નિષ્કાળજીથી ડૉ.બાબાસાહેબના નિધન બાદ તેમની અંગત વસ્તુઓ, કપડાં વિગેરેને નાગપુર ચિંચોલી ખાતે ઉધઈ લાગી ગઈ. | ભાજપના શ્રી દેવેન્દ્ર ફડણવીશ સરકારે રૂા. ૫ કરોડના અનુદાનથી વસ્તુઓને સંગ્રહાલયમાં સુરક્ષિત કરી છે. |
| ૧૩ | ડૉ.બાબાસાહેબે વડોદરા સ્ટેટની નોકરી છોડતી વખતે 'સંકલ્પ' લીધેલ સ્થાનના વિકાસ માટે કોંગ્રેસ ક્યારેય વિચાર સુધ્ધા ના કર્યો. | ભાજપની સરકારે વડોદરામાં રૂા. ૧૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરી 'સંકલ્પ ભૂમિ' નિર્માણ માટે નિર્ધાર કર્યો છે. |
| ૧૪ | લંડન સ્કુલ ઓફ ઈકોનોમીક્સમાં ૧૯૨૧-૨૩ દરમ્યાન અભ્યાસ વખતે નિવાસ કરેલ મકાનની હરાજીમાં કોંગ્રેસે રસ ન લીધો. | મહારાષ્ટ્ર ભાજપની સરકારે તે મકાન રૂા. ૪૮ કરોડમાં ખરીદી નવેમ્બર ૨૦૧૫માં શ્રી મોદીજી દ્વારા 'શિક્ષાભૂમિ' સ્મારકનું લંડનમાં ઉદ્‌ઘાટન કર્યું. |
| ૧૫ | કોંગ્રેસ અને તેની સરકારોએ હંમેશા નહેરુ-ગાંધી પરિવારની જ વાહવાહ કરી અને તેમના સ્મારકો બાંધ્યા. | જ્યારે શ્રી મોદીજીની સરકારે ડૉ.બાબાસાહેબની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે રૂા. ૧૨૫/- નો ચલણી સિક્કો અને ડાક ટિકિટ બહાર પાડી છે. |
| ૧૬ | કોંગ્રેસે અને તેની સરકારોએ હંમેશા ડૉ.બાબાસાહેબની અવગણના કરી. | ભારતના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભીમ એપ લોન્ચ કરી બાબાસાહેબનું સન્માન કર્યું. |

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

આઝાદીનાં ૭૫ વર્ષ 'અમૃત મહોત્સવ'



## ગુડી પડવો : ડો. હેડગેવાર જન્મદિન

### પ્રત્યેક નાગરિક દેશભક્ત હોવો જોઈએ અને દેશ માટે સમર્પિત હોવો જોઈએ - ડો. હેડગેવારજી

શક સંવતનું બેસતું વર્ષ એટલે ગુડી પડવો, સને ૧૮૮૯, ૧લી એપ્રિલ, ગુડી પડવાના શુભ દિને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્થાપક ડૉ. કેશવ બલિરામ હેડગેવારનો જન્મદિન ડૉ. હેડગેવારજી હિન્દુ સમાજની દુર્દશા જોઈને ખૂબ દુઃખી દુઃખી થતા. તેઓ બાળપણથી જ હિન્દુત્વના અને હિન્દુ સમાજની એકતાના હિમાયતી રહ્યાં. હેડગેવારજી સતત એક જ વાતનું મનોમંથન કરતા કે વેરવિખેર થયેલા અને માટીના લોંદા જેવા થઈ ગયેલા હિન્દુઓનું સંગઠન કરી તેને નવો ઘાટ કેમ આપવો ? આ મનોમંથનમાંથી જન્મ થયો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો સને ૧૯૨૫ના વિજયા દસમીના શુભ દિને, નાગપુરના એક નાના મેદાનમાં મુઠ્ઠીભર યુવાનોને લઈને ડૉ. હેડગેવારજીએ સંઘનું બીજ રોપ્યું. આ બીજે આજે દેશભરમાં વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કરી લીધું છે.

ડૉ. હેડગેવારજીના જન્મદિન નિમિતે તેઓના થોડા પ્રેરણાદાયી જીવનપ્રસંગો જોઈએ તથા એકાત્મ રાષ્ટ્રીય સતર્કતા અંગેના તેઓનો વિચારને જીવન આચરણમાં મૂકીએ.

#### સ્વાતંત્ર્ય સેનાની

ડૉ. હેડગેવાર જન્મજાત સ્વાતંત્ર્ય સેનાની હતા. બાળપણથી જ તેઓ દેશભક્તિના પાકા રંગે રંગાઈ ચૂકયા હતા. પ્રાથમિક શિક્ષણના શાળાજીવન દરમ્યાન કેશવે અનેક વખત અંગ્રેજોને બરોબરનો પરચો બતાવ્યો હતો. ૧૮૯૭માં ઈંગ્લેન્ડની રાણી વિકટોરિયાના રાજ્યારોહણને સાઠ વર્ષ પૂર્ણ થવાના અવસરે શાળામાં બાળકોને વહેંચાયેલી મીઠાઈ કેશવે એક ખૂણામાં ફેંકી દીધી હતી. ૧૯૦૧માં પુનઃ એડવર્ડ સાતમાના રાજ્યારોહણના દિવસે ચારેકોર આતશબાજી ચાલી રહી હતી પરંતુ, નારાજ કેશવ ઘરમાં બેસી રહ્યો. પૂછપરછ થતાં એણે કહ્યું કે, આ બધા વિદેશનાં રાજારાણી છે, આપણા નથી. એમની ઉજવણીમાં આપણે શા માટે ભાગ લઈએ ? એકવાર દશેરાના દિવસે રાવણના પૂતળાદહનના ધાર્મિક કાર્યક્રમમાં ઉમટેલી મોટી ભીડ સમક્ષ કેશવે સ્વતંત્રતાના મહત્વ વિશેનું જોરદાર ભાષણ આપી સૌના દિલમાં આઝાદીની ચીનગારી પેટાવી દીધેલ.

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.